मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

શેઠ ધનજીભાઈ પ્રેમચંદ વ-ડવાણ કેમ્પ

ज्ञान

ज्ञान क्रियाभ्यां मोक्षः

सि
सा अ आ
उ

सम्यग् ज्ञानं परम निधानं

श्री जैनधर्म प्रसारक सभा.

પુસ્તક ૬૩ મું — અંક ૫ મો

ફાગણ

ઇ. સ. ૧૯૪૭ — ૨૧ મી ફેબ્રુઆરી

વીર સં. ૨૪૭૩ — વિક્રમ સં. ૨૦૦૩

પ્રગટકર્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર

શેઠ ધનજીભાઈ પ્રેમચંદ — વઢવાણ કેમ્પ.

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦

| | | |
|---|---|---|
| પુસ્તક ૬૩ મું<br>અંક ૫ મો | ફાગણ | વીર સં. ૨૪૭૩<br>વિ. સં. ૨૦૦૩ |



## अनुक्रमणिका


૧. શ્રી પાર્શ્વજિન સ્તવન ... ... ( મુનિશ્રી રુચકવિજયજી ) ૯૩

૨. પ્રભુ નામકા જાપ ... ... ... ( શ્રી બાલચંદ હીરાચંદ ) ૯૪

૩. પુન્ય વાની ... ... ... ... ( રાજમલ ભંડારી ) ૯૫

૪. શ્રી નેમિનાથ પ્રભુ સ્તવન ... ... ( મુનિશ્રી શિવાનંદવિજયજી ) ૯૫

૫. ભોગમીમાંસા ... ... ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) ૯૬

૬. દેહપ્રમાણજીવમીમાંસા ... ( શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી ) ૧૦૧

૭. વ્યવહાર કૌશલ્ય : ૪ ( ૨૫૭-૨૬૦ ) ... ... ... ( મૌક્તિક ) ૧૦૪

૮. પ્રશ્નોત્તર ( પ્રશ્નકાર-દેવચંદ કરશનજી શેઠ ) ... ( સ્વ. કુંવરજીભાઇ ) ૧૦૮

૯. અધ્યાત્મ-શ્રીપાલકુમાર: ૪ ... ... ( મોહનલાલ દીપચંદ ચોકસી ) ૧૧૧

૧૦. આનંદઘનજીનું દિવ્ય જિનમાર્ગદર્શન : ૨૨ ... ... ...
( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા M. B. B. S. ) ૧૧૪

૧૧. ચારિત્ર ઓર વિચાર... ... ... ... ( રાજમલ ભંડારી ) ૧૧૬

૧૨. આત્મજ્ઞાનની ઉપયોગિતા ... ... ...( મુનિ પ્રિયંકરવિજયજી ) ૧૧૮

૧૩. સ્વીકાર અને સમાલોચના ... ... ... ... ૧૧૯

૧૪. સ્વાર્થનો સાગર ... ... ... ( અમરચંદ માવજી શાહ ) ટા. પે. ૩

૧૫. સ્વીકાર ... ... ... ... ... ... ... ટા. પે. ૪


### નવા સભાસદો

| | | | |
|---|---|---|---|
| ૧. | વોરા મગનલાલ વીરચંદ | ભાવનગર | વાર્ષિક મેમ્બર |
| ૨. | સલોત રમણિકલાલ નેમચંદ | ,, | ,, |
| ૩. | શેઠ રતનચંદ કોચર | જયપુર સીટી | ,, |



## ચૈત્રી પંચાંગ

અમારા તરફથી બહાર પડતાં સં. ૨૦૦૩ ના ચૈત્રથી સ. ૨૦૦૪ ના ફાગણ સુધીના ચૈત્રી પંચાંગ છપાઇ તૈયાર થઇ ગયા છે. પંચાંગમાં શ્રી પાર્શ્વનાથ ભગવંત ફોટો મૂકી સુશોભિત કરવામાં આવેલ છે.

**છુટક નકલ એક આનો.**

**સો નકલના રૂપિયા સાડાપાંચ.**

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.




Dhanjibhai Premchand Shah W. Cam


| | | |
|---|---|---|
| પુસ્તક ૬૩ મું.<br>અંક ૫ મો. | : ફાગણ : | વીર સં. ૨૪૭૩<br>વિ. સં. ૨૦૦૩ |


# શ્રી પાર્શ્વજિન સ્તવન.

( અભિનંદન જિન દરિસણ તરસીએ–એ દેશી )

પુરિસાદાણી રે પાર્શ્વ ! વિચારીએ, સેવક જનની રે વાત;
તું પુરુષોત્તમ જગમાં દેખીએ, જીવ જીવન આધાર–પુરિસા૦ ૧
જીવ જીવન તે રે સૌને વાલ્હુ, જાણે તે ધન્ય પુરુષ;
સાધે તેને રે નહિ તે દોહિલું, જો છે સહાય વિશેષ–પુરિસા૦ ૨
હું પણ સાધક જીવ જીવનતણો, સ્વરૂપતણો પણ બુદ્ધ;
પણ અસહાયી રે કિમ અળખામણો, તે કહે વાત પ્રબુદ્ધ–પુરિસા૦ ૩
પુરુષોત્તમને રે શી ? મમતા રહી, મ્હારા ત્હારાનો ભેદ;
કિમ નવિ દેવે સહાય જ મોટકી, અન્તે હું તું અભેદ–પુરિસા૦ ૪
ક્ષય ઉપશમની રે લબ્ધિ જેહવી, તેહવો લાભ પ્રમાણ;
અદીનપણે જીવ ! સાધન સેવીયે, આખર તે બળવાન–પુરિસા૦ ૫
સાધન સેવા રે સાધ્ય સમીપ કરે, જો નવિ ભૂલે રે સાધ્ય;
સાધ્ય સ્વરૂપ થઇ આતમ વિચરે, રુચકવિજય અસહાય–પુરિસા૦ ૬

મુનિરાજશ્રી રુચકવિજયજી

શાહ ધનજીભાઇ પ્રેમચંદ.
શાક; સુકોમેવો, પીપરમીંટ તથા
—× કરીયાણાના વેપારી. ×—
વઢવાણ કેમ્પ.

## ॥ प्रभु नाम का जाप ॥

( कवि—बालचंद हीराचंद—मालेगांव )

कर वस्त्रभूषा साधु सम निश्चल दिखे योगी बड़ा,
कोई संत समं मुद्रा बना कर ध्यान मग्न रहै खड़ा।
माला फिरावे यंत्रवत् मुख मंत्र जपता नाम का,
दिखता बड़ा कोई संत आया बड़े तीरथ धाम का ॥ १ ॥
चंचल फिरे जब नेत्र उसके धारके मोहांधता,
है भटकता मन भ्रमण करता दश दिशामें खोजता।
जा कोइ गलीमें हाटमें बाजारमें है भटकता,
माला बिचारी क्या करे आत्मा न उसमें जोडता ॥ २ ॥
बक सम बना वह नारियों के मुँह देखे ताकता,
नयनो नचावे चपल चंचल मोहवश बन व्यग्रता।
है क्रिया तन की एक दूजी बनी मन की तब वृथा,
माला बिचारी क्या करे ढोंगी जनों की यह प्रथा ॥ ३ ॥
बेखबर हो बेशरम धर्मी बना जो धीटाइ से,
उसको पता नहि क्या नतीजा निकलता है ढोंग से।
आत्मा उसीका पतित बनता लाभ नहि कुछ पा सके,
माला बिचारी क्या करे जो मन ठिकाने ना रखे ॥ ४ ॥
ध्येय ध्याता ध्याने जिसका एकसा संबंध से,
वह मोक्ष कारण बन सके दुसरा वृथा आरंभ से,
ध्येय जिसका शुद्ध नहिं है ध्यान भटके मोह में,
माला बिचारी क्या करे रहता न जो स्थिर ध्यान में ॥ ५ ॥
जिनचरण का कर ध्यान जिसका मुक्ति का ही ध्येय है।
सच्चा वही ध्याता जगत में धन्य उसका श्रेय है।
माला जपे सब कोई घर में मंत्र मुख से ऊच्चरे,
माला बिचारी क्या करे मन भटकता जब वह फिरे ॥ ६ ॥
मन आत्मा हो एक जब लगती लगन नहि व्यग्रता,
सब टूटते बंधन तटातट मोह भागे दौडता।
आनंद को उपमा न कोई मूर्तिमंत प्रसन्नता,
ऐसा जपे जो जाप उसके चरण नमता धन्यता ॥ ७ ॥
दे दान तुझको तव कृपा का स्थिर मन करता सिखा,
तेरी कृपा बिन ध्यान न बने मंत्र माला जप वृथा।
जिनराज तेरे चरण में विनती करुं शुभ भाव से,
बालेन्दु उचरे मार्ग बतला मनोलय का शांति से ॥ ८ ॥

# ॥ पुन्य वानी ॥

पुन्य बानी झलकती है, वदन पर देखलो ।
छीप नहीं सकती, छीपाये देखलो ॥ १ ॥
जाता कहीं वह पुन्यवान, स्थान पाता देखलो ।
मान और सन्मान होता, हर जगह यह देखलो ॥ २ ॥
धन कमाने का बनाया, ध्येय हर इन्साननें ।
नहीं धन कमा कर पुन्य कमाओ, फिर तरक्की देखलो ॥ ३ ॥
चाहते सबही तरक्की, नहीं चाहते हैं अवनति ।
होती तरक्की पुन्यसे, [1]तनुजली पाप से ही देखलो ॥ ४ ॥
पाप करने से तरक्की, होती नहीं वह स्वप्न में ।
सुखभास होगा कुछ समय, अंत में दुःख देखलो ॥ ५ ॥
पाप और पुन्य ही, रहता है आतम साथ में ।
नहीं साथ आये धनवैभव, यह प्रत्यक्ष ही देखलो ॥ ६ ॥
पाप क्षय कर पुन्य संचय, के लिये आये यहां ।
पुन्य का पाथेय संचय कर, अनुभव देखलो ॥ ७ ॥
पाप से दुःख पा रहे थे, जो मनुष्य संसार में ।
बन गये वे नर सुख, पुन्य से ही देखलो ॥ ८ ॥
पापीयों में था शिरोमणी, अर्जुनमाली वह कभी ।
पुन्यवान के सहवास से, पुन्यशाली हुवा वह देखलो ॥ ८ ॥
पुन्य कमाने का बनाना, ध्येय मुख्य ही विश्व में ।
पाप से मुख मोढ कर, फिर राजसुख तुम देखलो ॥ ९ ॥

राजमल भंडारी-आगर (मालवा)

---

( १ ) तनुजली-हीनता ।

# શ્રી નેમનાથપ્રભુ સ્તવન

નેમિજિનેશ્વર વહાલો મહારો, આતમનો આધાર;
શિવાદેવી માત નન્દન પ્યારો, યાદવકુલ આધાર-"નેમિ" ૧
શૌરીપુર નયરી પ્રભુ જાયો, સમુદ્રવિજય તુમ તાત;
પશુ પુકાર સુણીને સ્વામી, છોડી નવભવ પ્રીત-"નેમિ" ૨
રાજીમતી વરકન્યા છોડી, દીધા વરષીદાન;
રૈવતગિરિ પર લીધી દીક્ષા, સહસાવન ઉદ્યાન-"નેમિ" ૩
કૈવલ લહી બોધ્યા ભવિપ્રાણી, કર્યો કર્મનો અન્ત;
હું પામર તુમ દરિશન પામી, થયો આજ પુન્યવન્ત-"નેમિ" ૪
તપગચ્છનાયક નેમિસૂરીસર, ઉદયસૂરિ શિરતાજ;
નન્દનસૂરિનો બાલક માંગે, શિવાનન્દ શિવરાજ-"નેમિ" ૫

મુનિરાજશ્રી શિવાનંદવિજય

# ભોગમીમાંસા

( ગતાંક પૃષ્ઠ ૭૬ થી શરૂ )

દેહધારી આત્મા ઇતર જડાત્મક વસ્તુઓના ભોક્તા કહેવાય છે, તે ભોગ સંયોગ-સ્વરૂપ છે. સકર્મક આત્મા મિથ્યાત્વ, અવિરતિ આદિ હેતુઓદ્વારા અનેક પ્રકારના કર્મ બાંધે છે. અર્થાત્ કર્મપણે પરિણત થયેલા પુદ્ગલોનો આત્માની સાથે સંયોગ થાય છે તે કર્મ-પુદ્ગલો અનાદિકાળથી શુભ અને અશુભ એમ બે પ્રકારે ઓળખાય છે. જ્યારથી આત્માની સાથે કર્મનો સંયોગ છે ત્યારથી પુન્ય-પાપરૂપે કર્મ ચાલ્યાં આવે છે. શુભ કર્મના ઉદય-(ભોગ)થી શુભ પૌદ્ગલિક વસ્તુઓનો સંયોગ પ્રાપ્ત થાય છે, અને અશુભના ઉદયથી અશુભ પુદ્ગલોનો સંયોગ થાય છે. પૌદ્ગલિક વસ્તુઓમાં શુભાશુભપણું જીવોના સંસર્ગને લઇને થયેલું હોય છે; કારણ કે જીવને ભોગમાં આવતી પૌદ્ગલિક વસ્તુઓ જીવે ગ્રહણ કરીને મૂકી દીધેલા શરીરપણે પરિણત થયેલા અથવા તો શબ્દાદિપણે પરિણત થયેલા પુદ્ગલ સ્કંધો હોય છે. તે શરીરને ધારણ કરવાવાળા અથવા તો શબ્દાદિપણે પુદ્ગલોને પરિણમાવવા-વાળા જીવો પોતપોતાના શુભાશુભના ઉદય અનુસાર પુદ્ગલ સ્કંધોને ગ્રહણ કરે છે જેથી શરીરપણે પરિણત થયેલા અથવા તો શબ્દાદિપણે પરિણત થયેલા પુદ્ગલોનો ભોગોપભોગ કરનાર જીવોને સુખ-દુઃખાદિની ભાવના ઉત્પન્ન કરે છે. જીવને જડાત્મક વસ્તુઓનો ભોગોપ-ભોગ, પાંચ ઇંદ્રિયોદ્વારા થાય છે. ઇંદ્રિયો સાથે વર્ણાદિ જડ ધર્મવાળી વસ્તુઓનો સંયોગ જ્યાંસુધી બન્યો રહે છે ત્યાંસુધી જીવ સુખ-દુઃખનો અનુભવ કરે છે અને જ્યારે વિયોગ થાય છે ત્યારે ર...ું કશુંયે હોતું નથી, છતાં સંયોગ છૂટયા પછી પણ સંયોગ કાળની વિકૃતિની વાસનાથી સુખદુઃખની આછી અસર રહે છે જેથી માણસો પાછળથી પણ સંભારીને કાંઇક સુખ-દુઃખનો અનુભવ કરે છે.

પૌદ્ગલિક વસ્તુના ભોગની બે સ્થિતિ છે: અર્થાત્ ત્યાગરૂપ અને સંયોગરૂપ એમ ભોગ બે પ્રકારનો છે. જીવને પૌદ્ગલિક વસ્તુના ભોગને માટે કર્મની અત્યંત આવશ્યકતા રહે છે; કારણ કે કર્મ સિવાય શરીર નથી હોતું અને શરીર સિવાય ઇંદ્રિયોના અભાવને લઇને પૌદ્ગલિક ભોગ બની શકતો નથી, માટે ભોગની વ્યવસ્થા આ પ્રમાણે છે-પ્રથમ તો આત્માની સાથે કર્મનો સંયોગ, ત્યારપછી તે કર્મનો ઉદય-આત્માથી કર્મ છૂટાં થવાને તેમાં ક્રિયા ઉત્પન્ન થવી-અર્થાત્ કર્મનો ત્યાગ, પછી તે કર્મના ત્યાગકાળમાં-કર્મ છૂટતી વખતે જીવોએ ગ્રહણ કરીને છોડી દીધેલાં જડાત્મક શરીરોનો અથવા તો સચેતન શરીર-દ્વારા ગ્રહણ કરાયલા શબ્દાદિ પુદ્ગલોનો સંયોગ થવો તેને સંસારમાં અજ્ઞાની જીવો સુખ-દુઃખ-આનંદ આદિ ભાવોદ્વારા ભોગપણે જણાવે છે. કેટલીક ઇંદ્રિયો જેવી કે-આંખ, નાક, કાન અને ત્વચા આ ચાર ઇંદ્રિયો સાથે તો માત્ર સંયોગ જ થાય છે. તેમાં આંખ સાથે તો સંયોગ પણ થતો નથી, કારણ કે આંખ પૌદ્ગલિક વસ્તુના સંયોગ વગર પણ યોગ્ય કાળ તથા દેશમાં રહેલી વર્ણાદિ ધર્મવાળી વસ્તુને ગ્રહણ કરી શકે છે. જીભની સાથે

થવાવાળા રસાદિ ગુણવાળા પુદ્ગલોના સંયોગમાં બીજી ઇંદ્રિયો કરતાં કાંઈક વિલક્ષણતા રહેલી છે. જીભથી ગ્રહણ કરેલા પુદ્ગલો શરીરના વર્ણાદિ પોષવામાં તથા દેહને પુષ્ટ બનાવવામાં પરિણમી જાય છે ત્યારે બીજી ઇંદ્રિયો સાથે અમુક વખત સંયોગ રહીને પછી વિયોગ થાય છે. અને ફરીને પાછી તે જ વસ્તુઓનો સંયોગ થઇ શકે છે, પણ વિક્રિયા થઇને વસ્તુ નષ્ટ થતી નથી. પણ જીભથી ગ્રહણ કરાયલા પુદ્ગલોમાં વિક્રિયા થવાથી નષ્ટ થાય છે, તેવાં જ કાયમ રહેતાં નથી પણ રૂપાંતર થઇ જાય છે. અને એટલા જ માટે નાક–કાન આદિ ચાર ઇંદ્રિયોથી ગ્રહણ કરાતી વસ્તુઓને ઉપભોગ તરીકે ઓળખાવી છે અને જીભથી ગ્રહણ કરાતી વસ્તુને ભોગપણે કહી છે. તાત્વિક દૃષ્ટિથી વિચાર કરતાં આત્માને પર–પૌદ્ગલિક વસ્તુનો ભોગ ખાસ કરીને તો કર્મપણે પરિણમેલા પુદ્ગલ સ્કંધોનો હોય છે, તે સિવાય તો વૈષયિક સુખ અથવા તો દુઃખ જેવી કોઇ વસ્તુ નથી. સર્વ કર્મ ક્ષય થયા પછી આત્માને સંયોગસ્વરૂપ કોઇપણ પ્રકારની પર વસ્તુનો ભોગ સંભવતો નથી. કર્મ-પુદ્ગલસ્કંધોમાં અનુકૂળતા–પ્રતિકૂળતા–સુખ–દુઃખ જેવું કાંઇપણ હોતું નથી પણ અનાદિ કાળથી આત્માના સંસર્ગમાં આવતા કર્મપુદ્ગલોમાં અનેક પ્રકારની વાસનારૂપ પ્રકૃતિયો રહેલી છે જેને લઇને આત્મા તદ્રૂપે પરિણમે છે અને તે પરિણામોને લઇને પૂર્વના કર્મ પુદ્ગલોની નિર્જરા–આત્માથી છૂટા પડતી વખતે નવીન કર્મપુદ્ગલોનો આત્મા સાથે સંયોગ થાય છે. અને તે પુદ્ગલો પરિણામને અનુસરીને વાસિત થાય છે. કર્મ ભોગવવાને આત્માને શરીરની જરૂરત પડે છે માટે પાંચ પ્રકારના શરીરમાંથી એક પણ શરીર વગર એક સમય પણ રહ્યો નથી, અર્થાત્ અનાદિકાળથી આત્મા એક સમય પણ અશરીરિકપણે રહ્યો નથી. પાંચ શરીરમાંથી કાર્મણ (કર્મના સમૂહરૂપ) અને તૈજસ (કાર્મણના જ અંશરૂપ પણ કાર્યભેદે ભેદવાળું) આ બે કારણ શરીર તો એક સમય પણ આત્માથી છૂટાં પડતાં નથી. અને જો આ બે શરીર સર્વથા આત્માથી છૂટા પડી જાય તો આત્માના જ્ઞાનાદિ ગુણોનો સંપૂર્ણ વિકાસ થઇ જાય છે જેને લઇને અશરીરી થવાથી આત્મા મુક્તાત્મા કહેવાય છે. પછી તેને કર્મવર્ગણાના તેમજ ઇતર પુદ્ગલ સ્કંધોનો સંયોગ થવા છતાં પણ તે વિભાવ સ્વરૂપ થઇ શકતો નથી, તેને જન્મ–જરા–મરણ આદિ કાંઈપણ હોતું નથી પોતાના અરૂપી–અચેતન અને અક્રિયાદિ ગુણોને પૌદ્ગલિક વસ્તુની કાંઇપણ અસર થતી નથી અને ભાવી અનંતા કાળ સુધી શુદ્ધ સહજાનંદ સ્વરૂપમાં જ સ્થિર રહે છે.

જેમ વડનું સૂક્ષ્મ બીજ નષ્ટ ન થાય ત્યાં સુધી સ્થૂલકાય કાર્યરૂપ અનેક વડો થયા જ કરે છે તેમ જ્યાં સુધી આ બે કારણ શરીરોનો સર્વથા વિયોગ ન થાય, પૂર્વાપરનું અનુસંધાન ચાલ્યું આવે ( અર્થાત્–પૂર્વના કર્મનો સત્તામાંથી ઉદય અને ઉદયમાં આવીને–ભોગવાઇને ક્ષય–વિયોગ થાય છે તે વખતે રાગ–દ્વેષની ચીકાસના પ્રમાણમાં નવા કર્મનો સંયોગ અનુસંધાન થાય છે ) ત્યાં સુધી ઔદારિક, વૈક્રિય અને આહારકરૂપ કાર્ય શરીરોનો વિયોગ–સંયોગ થયા કરે છે, કારણ કે કર્મના ફળરૂપ ભોગ આ શરીરોમાં જ થાય છે, કર્મનો ભોગ–અનુભવનું સાધન આ શરીરો જ છે. આ ત્રણ શરીરોમાંથી ખાસ કરીને તો ઔદારિક તથા વૈક્રિય આ બે શરીરોમાં કર્મફળ ભોગવાય છે; બાકી આહારક અત્યંત

અલ્પ કાળ રહે છે એટલે કાર્ય શરી રહોવા છતાં પણ તેમાં કર્મ ફળના ભોગ જેવું ખાસ કાંઇ હોતું નથી, કારણ કે આહારક શરીર અતિશયશાળી મનુષ્ય સિવાય સંસારમાં બીજા કોઇ પણ જીવને હોતું નથી, પણ ઐાદારિક તથા વૈક્રિય શરીર તો સંસારી દરેક જીવો મેળવે છે. આ બે શરીરોને આશ્રયીને સંસારી જીવોને ચાર વિભાગમાં વહેંચી નાંખ્યા છે. મનુષ્ય, તિર્યંચ, દેવતા અને નારક. તેમાં મનુષ્ય તથા તિર્યંચને ઐાદારિક શરીર હોય છે અને દેવ તથા નારકને વૈક્રિય શરીર હોય છે. આ શરીરોને ધારણ કરીને જીવો અનાદિ કાળથી તેનું ફળ ભોગવતા આવ્યા છે. કર્મનું ફળ ભોગવવામાં કર્મ સિવાયની ઇતર પૌદ્ગલિક વસ્તુઓ નિમિત્તભૂત બને છે તેમજ સકર્મક આત્માઓ પણ નિમિત્ત બને છે. અનાદિકાળથી જ શુભાશુભ પ્રકૃતિવાળાં કર્મ હોવાથી શુભ પ્રકૃતિનું ફળ ભોગવવામાં શુભ પ્રકૃતિના ઉદયવાળા જીવોએ ગ્રહણ કરેલાં પુદ્ગલ સ્કંધો નિમિત્ત થાય છે ત્યારે અશુભનું ફળ ભોગવવામાં અશુભ પ્રકૃતિવાળાએ ગ્રહણ કરેલાં પુદ્ગલો દુઃખમાં નિમિત્ત થાય છે. અનાદિ કાળથી કર્મની સાથે ઓતપ્રોત થયેલો આત્મા કર્મની પ્રકૃતિયો સાથે ભળી જવાથી જ્યારે વર્ણાદિ ધર્મવાળા ઇતર પુદ્ગલો સાથે સંયોગસંબંધથી જોડાય છે ત્યારે અનાદિથી જડ પ્રકૃતિના પડેલા સંસ્કારોને લઇને શુભાશુભની માન્યતાથી સુખ–દુઃખ અનુભવે છે. બાકી સુખ–દુઃખ જેવી કોઇ તાત્વિક વસ્તુ નથી. પોતાને સુખી અથવા તો દુઃખી માનનાર જીવને પૂછવામાં આવે કે સુખ–દુઃખ શું વસ્તુ છે? દેખાડશો, તો તે સુખ–દુઃખ, આનંદ–હર્ષ–શોક વિગેરેનો કોઇ પણ ઇંદ્રિયથી પ્રત્યક્ષ કરાવી શકશે નહિ. પણ એટલું જ કહીને વિરામ પામશે કે હું સુખ ભોગવું છું. અથવા તો દુઃખ ભોગવું છું. જડાત્મક વસ્તુના સંયોગસ્વરૂપ ભોગમાં સુખ–દુઃખ–આનંદ આદિને જ ભોગ તરીકે બતાવ્યાં છે; બાકી વસ્તુનો સંયોગ માત્ર ભોગ નથી. વસ્તુ સંયોગ તો નિમિત્ત માત્ર છે અને એટલા માટે જ કહેવાય છે કે અમુક સુખ ભોગવે છે અને અમુક દુઃખ ભોગવે છે. પૌદ્ગલિક વસ્તુઓનો સંબંધ કર્મજન્ય ઐાદારિક તથા વૈક્રિય શરીર સાથે થાય છે. આ શરીરો પાંચ ઇંદ્રિયના સમૂહરૂપે છે તેની સાથે વર્ણાદિ ધર્મવાળી વસ્તુઓનો સંયોગ કરાવવામાં જીવની સાથે ઓતપ્રોત થયેલા અનેક પ્રકારના કર્મનો ઉદય કારણભૂત થાય છે. જેવા રૂપે પરિણત થયેલા કર્મપુદ્ગલો હોય છે તેવા રૂપે પરિણત થયેલા પુદ્ગલોનો સંયોગ થાય છે. જ્યાં સુધી આત્મા સાથે ઓતપ્રોત થયેલા કર્મપુદ્ગલોમાં આત્માથી છૂટા પડવાની ક્રિયા થતી નથી અર્થાત્ સત્તામાં રહેલા હોય છે ત્યાં સુધી શરીરની સાથે કે આત્માની સાથે ઇતર પુદ્ગલોનો સંયોગ થતો નથી, એટલે કર્મનાં ફળસ્વરૂપ સુખ–દુઃખનો પણ ભોગ થતો નથી. કર્મ ભોગવવું એટલે આત્માની સાથે રહેલા કર્મપુદ્ગલોનું છૂટું પડવું અને કર્મફળ ભોગવવું એટલે કર્મ છૂટાં પડતી વખતે આત્માને સુખ–દુઃખનો અનુભવ થવો. કર્મની અનેક ભિન્ન ભિન્ન પ્રકારની પ્રકૃતિયો બતાવી છે તેમાં સુખ–દુઃખ આદિની ભાવના ઉત્પન્ન કરનાર મોહ કર્મની પ્રકૃતિયો છે. બીજા કર્મોની શુભ અથવા અશુભ પ્રકૃતિયોના ઉદયમાં શુભ તથા અશુભ પુદ્ગલોનો શરીર સાથે સંબંધ ભલે થાય પણ જ્યાં સુધી મોહ કર્મની પ્રકૃતિ ઉદયમાં સાથે ન ભળે ત્યાં સુધી આત્મા સુખ–

દુઃખાદિનો અનુભવ કરી શકતો નથી, અર્થાત્ કર્મના ફળસ્વરૂપ સુખ–દુઃખને ભોગ તરીકે માનતો નથી. જ્યારે મોહ કર્મની પ્રકૃતિ આત્માથી સર્વથા છૂટી પડી જાય છે–ક્ષય થઇ જાય છે ત્યારે આત્મા ઇતર કર્મના ઉદયથી ખેંચાઇને પ્રાપ્ત થનાર શુભાશુભ પૌદ્ગલિક વસ્તુઓનો પોતાને ભોક્તા તરીકે માનતો નથી પણ સત્યસ્વરૂપ દ્રષ્ટા તરીકે જ માને છે. પછી સુખ–દુઃખના ભોગ જેવું કશુંયે હોતું નથી અર્થાત્ કર્મ પુદ્ગલોનો ત્યાગ અને તેના ત્યાગ સમયે યત્કિંચિત્ કર્મ પુદ્ગલોનો અથવા તો પૌદ્ગલિક વસ્તુઓનો સંયોગ સંબંધ માત્ર થાય છે કે જેને મોહ કર્મની પ્રકૃતિના ઉદયવાળો સુખ–દુઃખના ભોગની ભાવના રાખે છે તેવી ભાવનાનો અંશ પણ મોહ ક્ષયવાળાને હોતો નથી. વસ્તુ માત્ર પોતાના સ્વભાવ પ્રમાણે વર્તે તેમાં આત્મા દ્રષ્ટા તરીકે રહીને પોતાના સ્વરૂપમાં રમ્યા કરે છે.

શરીર( સ્પર્શ )ઇંદ્રિય વ્યાપક છે અને બીજી પ્રાણ આદિ ચાર ઇંદ્રિયો વ્યાપ્ય છે. અર્થાત્ સ્પર્શ ઇંદ્રિય આખાય શરીરમાં રહેલી છે અને પ્રાણ આદિ શરીરના અમુક દેહમાં રહેલી છે. જ્યાં પ્રાણ આદિ ચાર ઇંદ્રિયો રહેલી છે ત્યાં સ્પર્શઇંદ્રિય પણ છે. પણ જ્યાં જ્યાં સ્પર્શઇંદ્રિય છે ત્યાં ત્યાં બધેય બીજી ઇંદ્રિયો નથી એટલા માટે જ સ્પર્શઇંદ્રિય અધિક દેશમાં રહેવાવાળી હોવાથી વ્યાપક કહેવાય છે અને બીજી ઇંદ્રિયો શરીરના અલ્પ દેશમાં રહે છે માટે વ્યાપ્ય કહેવાય છે અને એટલા માટે જ વર્ણ–ગંધ–રસ અને શબ્દનો સંયોગરૂપ ભોગ શરીરના ભિન્ન ભિન્ન દેશોમાં થાય છે પણ આખાય શરીરથી થતો નથી. ઘ્રાણ આદિ ઇંદ્રિયોની શક્તિ નષ્ટ થાય છે ત્યારે પણ શરીર ( સ્પર્શઇંદ્રિય ) તો કાયમ જ રહે છે અને તે શરીરની સાથે ગંધાદિ પુદ્ગલોનો સંયોગ થવા છતાં પણ આત્મા ભોગ તરીકે ઉપયોગ કરી શકતો નથી પરંતુ શરીરના એક દેશમાંથી સ્પર્શઇંદ્રિયની શક્તિ નષ્ટ થઇ ગઇ હોય તોયે શરીરના બીજા ભાગમાં કોઇ પણ સ્પર્શનો ભોગ સ્પર્શ ઇંદ્રિયથી નિરંતર થાય છે અને તે શરીરના કોઇ પણ દેશ પ્રદેશથી તેમજ શરીરપણે રહેલી ઘ્રાણાદિ કોઇ પણ ઇંદ્રિયથી થઈ શકે છે તેથી પણ સ્પર્શઇંદ્રિયને વ્યાપક માની છે અને બીજી ઇંદ્રિયોને વ્યાપ્ય માની છે. ઇતર પૌદ્ગલિક સ્કંધોના સંયોગરૂપ નિમિત્તથી અથવા તો નિમિત્ત વગર અમુક પ્રકારની પ્રકૃતિવાળાં કર્મ જ્યારે ઉદયમાં આવે છે ત્યારે શરીરરૂપે પરિણત થયેલા પુદ્ગલસ્કંધોમાં વિકૃતિ થાય છે કે જેને રોગ કહેવામાં આવે છે તે વ્યાપક સ્પર્શઇંદ્રિયના આધારભૂત આખાય શરીરથી ભોગવાય છે. શરીરના એક દેશમાં થયેલી વિક્રિયાની અસર આખાય શરીરમાં થાય છે પણ નાસિકા આદિ બાકીની ઇંદ્રિયોના વિષયને તો તે વિષયગ્રાહક ઇંદ્રિય જ જાણી શકે અર્થાત્ એક જ શરીરમાં અવયવપણે રહેલી હોવા છતાં પણ એક ઇંદ્રિય સંબંધ બીજી ઇંદ્રિયના વિષયને વેદી શકે નહિ. જો કે પ્રત્યેક ઇંદ્રિય પોતપોતાના વિષયનો જ અનુભવ કરી શકે છે, સ્પર્શઇંદ્રિય પણ પોતાના જ વિષયને ગ્રહણ કરી શકે છે. બીજી ઇંદ્રિયો તો ભિન્નભિન્ન પ્રદેશમાં રહેલી હોવાથી એક બીજીની સાથે સંબંધ ધરાવતી નથી પણ સ્પર્શ ઇંદ્રિયની સાથે તો બધીયે ઇંદ્રિયોનો સંબંધ છે છતાં તે બીજી ઇંદ્રિયોના વિષયોને ગ્રહણ કરી શકતી નથી. આ પ્રમાણે પ્રત્યેક ઇંદ્રિય સ્વવિષયને જ ગ્રહણ કરવાવાળી હોય છે છતાં સ્પર્શઇંદ્રિયમાં કાંઇક વિશિષ્ટતા રહેલી છે. સ્પર્શઇંદ્રિય પોતાનો વિષય ગ્રહણ કરવા ઉપરાંત અશાતાવેદની-

યના ઉદયથી શરીરના વ્યવસ્થિત તત્વોના બંધારણમાં જ્યારે વિકૃતિ ઉત્પન્ન થાય છે ત્યારે આત્મા દુઃખ મનાવે છે. આ વિકૃતિ ભિન્નભિન્ન નામવાળા અનેક પ્રકારના રોગ તરીકે સંસારમાં ઓળખાય છે. આંખ–નાક–કાન–જીભ આદિ ઇંદ્રિયોમાં રહેલી સ્પર્શ ઇંદ્રિયમાં વિકૃતિ થાય છે કે જેને નાક આદિના રોગ તરીકે ઓળખવામાં આવે છે. તે રોગોથી તે તે ઇંદ્રિયના વિષયને ગ્રહણ કરવાની શકિત નષ્ટ થવાથી પોતાના વિષયોનો અનુભવ કરી શકતી નથી તેથી તે રોગોને તે ઇંદ્રિયોના કહેવાય છે છતાં તે સ્પર્શઇંદ્રિયની વિકૃતિને લઇને થયેલા હોવાથી તેનો સંબંધ મુખ્યત્વે કરીને તો સ્પર્શઇંદ્રિય સાથે જ હોય છે. તાત્પર્ય કે અશાતાવેદનીય કર્મના ઉદયની અસર શરીર ઉપર થાય છે, ચામડીમાં રહેલી સ્પર્શઇંદ્રિય ઉપર થાય છે. પણ તે સ્પર્શઇંદ્રિયના આધારભૂત શરીરમાં ભિન્ન વિષયને ગ્રહણ કરવાવાળી બીજી ઇંદ્રિયોનો સંબંધ હોવાથી તેમાં પણ વિકૃતિ થાય છે. અને શરીરના અવયવપણે પરિણુત થયેલા વર્ણાદિવિષયગ્રાહક પુદ્ગલો નષ્ટ થવાથી તે ઇંદ્રિય સ્વવિષયને ગ્રહણ કરી શકતી નથી, અર્થાત્ અશાતાના ઉદયથી નાક–કાન આદિમાં રોગ થવાથી માનવીની આંખની કીકીમાં કે કાનના પડદામાં કસર થઇ જાય છે એટલે તે બ્હેરો અને આંધળો થાય છે તેથી તે જોઇ શકતો નથી તેમ સાંભળી પણ શકતો નથી. કોઇ પણ પ્રકારની અસાતાનો ઉદય હોય કે ન હોય, તેની શરીરમાં કોઇ પણ પ્રકારની વિકૃતિ–રોગ હોય કે ન હોય. તોયે જે કર્મની પ્રકૃતિ જીવ તથા દેહનો સંબંધ જોડી રાખે છે કે જેને આયુષ્ય કર્મ કહેવામાં આવે છે તેનો ક્ષય થવાથી જીવ તથા દેહના સંયોગનો વિયોગ થાય છે તેને સંસારમાં મૃત્યુના નામથી ઓળખવામાં આવે છે. દેહના વિયોગરૂપ મૃત્યુ થયા પછી ભોગ જેવું કાંઇ પણ રહેતું નથી પણ ભોગના કારણરૂપ કાર્મણ શરીરનો આત્માની સાથે સંયોગ રહેલો હોવાથી પાછા ઔદારિક તથા વૈક્રિયરૂપ કાર્ય શરીર ઉત્પન્ન થાય છે અને પાછી તે શરીરોદ્વારા ભોગની શરૂઆત થાય છે. આ પ્રમાણે જ્યાં સુધી કાર્મણ શરીરનો આત્માની સાથેથી સર્વથા વિયોગ ન થાય ત્યાં સુધી ઔદારિકાદિ કાર્યશરીરની ઉત્પત્તિ બની રહેવાથી ભોગની પરંપરા ચાલુ જ રહે છે તે સર્વ કર્મ ક્ષય થયા પછી આત્મા કેવળ સ્વ–સ્વરૂપનો જ ભોક્તા રહે છે. પછી અવાસ્તવિક પર વસ્તુના ભોગ જેવું કાંઇ પણ રહેતું નથી કારણ કે આત્માના ગુણોનો સંપૂર્ણ વિકાસ થયા પછી તાત્વિક જ વસ્તુ કાયમ રહે છે.

આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

# देहप्रमाणजीवमीमांसा

( લેખક—શ્રીયુત જીવરાજભાઇ ઓધવજી દોશી )

જૈનદર્શનમાં જીવને દેહપ્રમાણ માનવામાં આવે છે. દ્રવ્ય સંગ્રહમાં જીવના લક્ષણો નીચે પ્રમાણે બતાવ્યા છે:

**जीवो उवओगमओ अमुत्ति कत्ता सदेहपरिणामो ।**
**भोत्ता संसारत्थो सिद्धो सो विस्ससोड्ढगई ॥ द्र. सं. २**

જીવ ઉપયોગમય છે, અમૂર્ત, કર્તા, સ્વદેહપ્રમાણ અને ભોક્તા છે, સંસારી અને સિદ્ધ છે અને સ્વભાવથી ઊર્ધ્વ ગતિ છે. વિશેષાવશ્યકમાં પહેલા ગણધરવાદમાં જીવને **जीवो तणुमेत्तत्थो ।** તણુમાત્રસ્થ—શરીરમાત્રમાં રહેલો બતાવ્યો છે.

શ્રી યશોવિજયજી ઉપાધ્યાય પ્રતિપાદન કરે છે કે:—

**शक्त्या विभुः स इह लोकमितप्रदेशो ।**
**व्यक्त्या तु कर्मकृतसौवशरीरमानः ( खं. खाद्य. ७० )**

એટલે જૈનદર્શનમાં જીવને સ્વદેહપ્રમાણ માન્યો છે. વૈશેષિક, નૈયાયિક, સાંખ્ય, શંકરવેદાન્ત આદિ દર્શનકારો આત્માને વિભુ—વ્યાપક—સર્વગત માને છે. વલ્લભાચાર્ય અને રામાનુજ મતવાળા અણુ માને છે. જ્યારે જૈનો સ્વદેહપ્રમાણ અથવા મધ્યમ પ્રમાણવાળો માને છે. જીવ પોતાના શરીરને આશ્રયીને સુખદુ:ખ ભોગવે છે જ્યારે જ્ઞાનથી ક્ષયોપશમ પ્રમાણે લોકાકાશમાં રહેલા પદાર્થોનું જ્ઞાન પ્રાપ્ત કરવાની આત્મામાં શક્તિ જોવામાં આવે છે. આત્માનું જ્ઞાન પોતાના શરીર પૂરતું જ નથી. વૈજ્ઞાનિકો દૂરબીન જેવા સાધનોથી ઘણી દૂર રહેલી વસ્તુઓને જાણી જોઇ શકે છે. અવધિજ્ઞાન અને કેવળજ્ઞાનમાં અમર્યાદિત ક્ષેત્ર અને કાળમાં રહેલા ભાવોનું જ્ઞાન થાય છે, તો પછી સવાલ એ ઉપસ્થિત થાય છે કે જીવને સ્વદેહ-પ્રમાણ જૈન શાસ્ત્રકારો કહે છે તે કેવા અર્થમાં ઘટી શકે.

જીવને વિભુ—વ્યાપક—સર્વગત માનવામાં અનેક દોષો આવે છે. નૈયાયિકો માને છે તેમ આત્માઓ અનેક માનવામાં આવે અને દરેકને વિભુ માનવામાં આવે તો એકબીજાના શુભ અશુભ કર્મોનો સંકર થાય અને પરિણામે એકે કરેલ કર્મનું ફળ બીજાને ભોગવવાનો પ્રસંગ થાય. દરેક આત્મા વિભુ હોય તો સ્વર્ગ નરક આદિ સ્થાનોના સુખ દુ:ખનો પણ દરેકને અનુભવ થાય. આવા અનેક દૂષણો આત્માને વિભુ માનવામાં આવે છે. આ પ્રમાણે આત્માને અણુ માનવાથી પણ દોષો આવે, પણ તેટલા ઉપરથી આત્માનું સ્વદેહપ્રમાણ નિર્ણયાત્મક રીતે સિદ્ધ થઇ શકે નહિ. જીવને દેહપ્રમાણ સાબિત કરવાને જૈન આચાર્યો એવી દલીલ કરે

છે કે આત્માના ગુણો સ્વદેહમાં જ જોવામાં આવે છે, માટે આત્મા સ્વદેહપ્રમાણ જ છે, જેવી રીતે ઘટના ગુણો ઘટમાં જ જોવામાં આવે છે માટે તેટલા જ દેશમાં ઘટનું અસ્તિત્વ છે.

**यत्रैव यो दृष्टगुणः स तत्र ।**
**कुम्भादिवन्निष्प्रतिपक्षमेतत् ॥ ( स्या. मं. ९ )**

ઘટ, પટ આદિ વસ્તુઓ પૌદ્‌ગલિક જડ છે. આત્મા પૌદ્‌ગલિક નથી. ચૈતન્યવાળો છે. એટલે જડ વસ્તુના દ્રષ્ટાંતથી ચૈતન્ય વસ્તુના ગુણનો કાંઇ નિર્ણય થઇ શકે નહિ. આત્માને દેહપ્રમાણ માનવામાં પણ અનેક દોષો બતાવવામાં આવે છે. દેહપ્રમાણ માનવાથી આત્મા સાવયવ થાય છે, અનિત્ય થાય છે, કાર્ય થાય છે. એટલે આત્માનું દેહપ્રમાણપણું બુદ્ધિગમ્ય જણાતું નથી. ઊલટું આત્માના જ્ઞાનમાં દૂર દૂર ભિન્ન ભિન્ન દેશ અને કાળમાં રહેલી વસ્તુઓ આવે છે એટલે આત્માની દેહપ્રમાણતાની માન્યતા વધારે ચિંતવન માગનાર બને છે. બીજું કેવલિસમુદ્‌ઘાત વખતે આત્મપ્રદેશો સમસ્ત લોકાકાશને વ્યાપીને રહે છે, તેવીરીતે વેદના કષાય વિક્રિયા મરણાંતિક તૈજસ આહારક આદિ સમુદ્‌ઘાત વખતે આત્મપ્રદેશો મૂળશરીરને ત્યાગ કર્યા વિના બહાર નીકળે છે. અર્થાત્ સમુદ્‌ઘાત વખતે આત્મા દેહપ્રમાણ–દેહને જ વ્યાપીને રહેતો નથી. સિદ્ધના આત્માને દેહ નથી એટલે સિદ્ધના જીવને દેહપ્રમાણ કહેવામાં વિરોધ આવે છે. આ વિરોધોનો કઇ દષ્ટિએ સમન્વય કરી શકાય છે, તે બતાવવા યતકિંચિત્ પ્રયાસ આ લેખમાં કરવામાં આવે છે.

જીવ દેહપ્રમાણ છે તે વચન સાપેક્ષિક છે, એકાંતિક નથી. જ્યાં દેહપ્રમાણતા કહેવામાં આવે છે ત્યાં ઘણું કરીને જીવ શબ્દ વાપરવામાં આવે છે. આત્મા શબ્દ ઓછો વાપરવામાં આવ્યો છે. ઉપર બતાવેલ દ્રવ્યસંગ્રહની ગાથામાં અને વિશેષાવશ્યકમાં **जीवो सदेहपरिमाणो, जीवो तणुमेत्तत्थो** શબ્દો વાપર્યા છે. ઇંદ્રિય, બળ, આયુ અને આણપ્રાણ એવા ચાર પ્રાણોને ધારણ કરનારને જીવ કહ્યો છે. અર્થાત્ જીવને એક જીવન્ત દ્રવ્ય (living substance) તરીકે માનેલ છે. જીવનશક્તિ ઉપર ભાર મૂકાયો છે. જીવનશક્તિને મુખ્ય ગણેલ છે. જ્ઞાનશક્તિને આ વિધાનમાં ગૌણ ગણવામાં આવેલ છે. જીવતા Biological Element જીવનતત્ત્વને પ્રધાન કરેલ છે, જીવના Epistemalogical Element જ્ઞાનતત્ત્વને ગૌણ કરેલ છે. જીવનશાસ્ત્રમાં ( Biology ) જીવની જે પ્રરૂપણા કરેલ છે તે વિચારણા અહીં મુખ્ય રખાયેલ છે. જીવનશક્તિ શરીરમાં જ જોવામાં આવે છે. એટલે જીવનશક્તિ ધારણ કરનાર જીવ દેહપ્રમાણવાળો યથાર્થ માની શકાય છે, પણ જ્ઞાનશક્તિની અપેક્ષાએ જીવ દેહપ્રમાણ નથી. પણ અસંખ્યાત પ્રદેશ આત્મક છે; માટે જ શ્રીયશોવિજયજી મહારાજ ન્યાયની દષ્ટિએ

જીવને દેહપ્રમાણુ માનવામાં વિરોધ આવે તેનો સમન્વય કરે છે કે-આત્મા શક્તિથી લોકપ્રમાણુ પ્રદેશવાળો છે અને વ્યક્તિથી કર્મકૃતસ્વશરીરપ્રમાણુ છે. આત્મા લોકાકાશપ્રદેશસમસંખ્ય પ્રદેશવાળો છે એટલે સમસ્ત લોકાકાશમાં વ્યાપી રહેવાની શક્તિવાળો છે. પણુ વ્યક્તિથી અર્થાત્ જીવનના આવિર્ભાવ-( manifestation )થી તે શરીરપ્રમાણુ છે. કારણુ તેટલા ભાગમાં જ પ્રાણુ-જીવનતત્ત્વ રહેલું છે; આત્મા શક્તિથી લોકવ્યાપી છે એટલે કેવલીસમુદ્ઘાત અને વેદના આદિ પ્રસંગે પોતાના આત્મપ્રદેશોને શરીર બહાર ફેલાવી શકે છે. આત્માની આકાશપ્રદેશોમાં અવગાહના કહેલ છે. અવગાહના એટલે peruasion sion થાય છે. આત્મા આકાશનો અમુક ભાગ રોકીને રહે છે, એવો અર્થ કરવાનો નથી. Soul's occupying space simply means its presence in the different parts of space and not filling space like a material body. ઘટ જેવો એક પૌદ્ગલિક પદાર્થ આકાશની અમુક જગ્યા રોકીને રહે છે, તેમ આત્મા જગ્યા રોકીને રહેતો નથી. પણુ આકાશના અમુક પ્રદેશોમાં તેનું અસ્તિત્વ, અવગાહના છે એવો જ અર્થ કરવાનો રહે છે. તેથી જ એક આત્માની જે આકાશપ્રદેશોમાં અવગાહના હોય તે પ્રદેશોમાં બીજા આત્માની પણુ અવગાહના હોઇ શકે છે. જીવના દેહપ્રમાણુના સંબંધમાં પ્રો. આનંદશંકર ધ્રુવ સાહેબ પોતે પ્રકાશન કરેલ સ્યાદ્વાદમંજરીના ઉપોદ્ઘાતમાં નીચે પ્રમાણે સૂચક વર્ણન કરે છે:

In order to appreciate the Jain position one has to reinterpret it and understand it in the only sense in which it is possible to defend it-viz. that the phenomenon of consciousness is limited to the body, through the consciousness belongs to **आत्मन्** and is the essence of **आत्मन्**–આત્મા દેહપ્રમાણુ છે એ વચન એક જ રીતે સાર્થક કરી શકાય કે આત્માનો ચૈતન્ય ગુણુ શરીરદ્વારા વ્યક્ત થાય છે. જો કે ચૈતન્ય ગુણુ શરીરને આશ્રયીને નથી પણુ આત્માને આશ્રયીને છે અને તે આત્માનો જ સ્વભાવ છે એટલે ઉપાધ્યાયજી મહારાજ આત્માને શક્તિથી વિભુ અને વ્યક્તિથી દેહપ્રમાણુ પ્રતિપાદન કરે છે તે જ અર્થમાં પ્રો. ધ્રુવ સાહેબ પણુ આત્માના દેહપ્રમાણુનો અર્થ ઘટાવી જૈન દર્શનના મંતવ્યનું સમર્થન કરે છે. વ્યવહાર નયની અપેક્ષાએ જીવ સંકોચ વિકાસ સ્વભાવવાળો દેહપ્રમાણુવાળો માનવામાં આવ્યો છે અને નિશ્ચય નયની જીવ અપેક્ષાએ અસંખ્યદેશ માનવામાં આવે છે. તેનો પણુ સમન્વય ઉપર પ્રમાણેજ થઇ શકે છે.

**अणुगुरुदेहपमाणो उवसंहारप्पसप्पदो चेदा,**
**असमुहदो ववहारा णिच्चयणयदो अंसखदेसो वा.** ( द्र. सं. १० )

જૈન દર્શન નાના :આત્મવાદી ( pluralistic ) છે, એક આત્મવાદી નથી.

# વ્યવહાર કૌશલ્ય

(૨૫૭)

**તમારી મુસીબતો કે તમારી યાતનાઓ બીજા પાસે વર્ણવો નહિ. નિરાશામાં ધીરજ રાખવી અને કફોડાં સંયોગોમાં આનંદી સ્વભાવ રાખવોઃ આ ઘણી મોટી વાત છે.**

મનનાં દુઃખો હોય, પ્રેમનાં દુઃખો હોય, ધનની અગવડ હોય, મિત્રના રીસામણાં હોય, શેઠની અવકૃપા થતી હોય, ખરચની તંગી પડતી હોય, જમે ઉધાર પાસાં કેમે કર્યાં સરખાં થતાં ન હોય, છોકરો વંઠી ગયો હોય, પત્ની રાંડકુવડ હોય, કે શરીર વ્યાધિથી ઘેરાતું લાગતું હોય–આવી અનેક અગવડો કે મુસીબતો માથે ગાજતી હોય, કહેવાય નહિ અને સહેવાય નહિ એવી સ્થિતિ થઇ ગઇ હોય, તેવે વખતે જે તે આડફેડી વ્યક્તિ મળે તેની પાસે રોદણાં રોવાની ટેવ ન પાડો. બીજાની પાસે દુઃખ રડવાથી દુઃખ ઘટતું નથી અને સહાનુભૂતિથી જોનાર કરતાં તમારી ગેરહાજરીમાં તમારી અર્થવગરની ટીકા કરનારા નકામાં માણસો ઘણા વધારે હોય છે. એવાની પાસે વાત કે કકળાટ કરવાનો કાંઇ અર્થ નથી, કોઇ ઉદ્દેશ પાર પડતો નથી, કાંઇ નવું માર્ગદર્શન થતું નથી અને ઊલટું વાત યાદ આવવાથી અને બોલી બતાવવાથી પોતાની અકળામણ વધે છે. વળી સામો માણુસ દયા બતાવે કે પ્રેમ બતાવે એવી ખોટી આશાથી લલચાઈ જવાનું કાંઈ કારણ નથી. ચેષ્ટા કરનાર, પારકાની દાઢી બળતી જોઇ તાપણી કરનાર જ વધારે હોય છે, અને જ્યાં ત્યાં વખતે કવખતે દુઃખનાં કે કકળાટનાં ગાણાં ગાવાં એ વાતમાં કાંઇ માલ નથી.

માટે કડવા ઘુંટડા ઉતારી લો, દુઃખના ગળચવા ખાઇ લો, પડેલી આપદાઓ વેઠી લો, પડ્યું પાનું સુધારી લો અને હીંમત રાખો. રાતની રાત કોઇને બેસી રહેતી નથી. સવાર પડશે, અંધારાં મટી જશે અને સૂર્ય ઉદય થશે એવી વિચારણા કરો અને આજે મળે તે ખેરસલ્લાં છે એમ માની મનને આનંદમાં રાખો. ગમે તેવા સંયોગોમાં મનને મજબૂત રાખનાર આખરે નિરાશાની ખાઈ ઓળંગી જાય છે અને સામે પાર તો આંબા, ચીકુ અને સંત્રા ભરેલાં છે એ વાતની ખાતરી રાખો. જેની તેની પાસે રડવામાં પોતાનું

---

સિદ્ધના જીવને દેહ નથી છતાં છેલ્લા ભવના શરીરના બે તૃતીયાંશ ભાગની અવગાહનાવાળો સિદ્ધના જીવને બતાવવામાં આવે છે. જો સિદ્ધના જીવને મર્યાદિત અવગાહનાવાળો કહેવામાં ન આવે અને દેહ ન હોવાથી અમર્યાદિત પ્રમાણ–અવગાહનાવાળો માનવામાં આવે તો સિદ્ધના જીવોમાં કાંઇ ભેદ રહે નહિ. બધા સિદ્ધના જીવો વિભુ–સર્વગત થઇ જાય એટલે સિદ્ધના જીવોમાં કાંઇ ભેદ ન રહે અર્થાત એક થઇ જાય અને અનેકઆત્મવાદ ત્રુટી જાય. અનેકઆત્મવાદ જૈન દર્શનનો મૂળભૂત સિદ્ધાંત છે, માટે જ સિદ્ધના જીવોની અવગાહના અમુક મર્યાદાવાળી માનવામાં આવે છે, અને તેમ પ્રતિપાદન કરીને ક્ષેત્રકૃતભેદથી સિદ્ધના જીવોનું નાનાત્વ સ્થાપન કરેલ છે.

મૂલ્ય ઘટે છે અને મન ભારે થાય છે. જે થાય છે તે સારા માટે છે એમ માની મનડાને મનાવી લો અને દિવ્ય પ્રદેશ જરૂર સાંપડશે, ઊજળા દિવસ નજીક આવશે, એની ખાતરી રાખો. કદાચ તમારી આફતની આ છેલ્લામાં છેલ્લી ક્ષણ પણ હોય, માટે કસોટીની પાર ઊતરો અને હોય તેમાં મોજ માણી લો. તમારાથી વધારે ત્રાસેલાના દાખલા લો અને તમારે તો હજુ કાંઇક પણ સારું છે એમ ગણી લો. આવી સુલભ પ્રકૃતિ રાખશો તો સર્વ સંયોગોમાં તમે મજા કરી શકશો અને મુસીબતોને પણ હળવી કરી શકશો. કુશળ માણસ દુખડાં ગાય નહિ અને મોજને વિસારે નહિ.

---

**It is much never to parade your troubles and your sufferings before others. To show patience under disappointment and to maintain a cheerful disposition in spite of adverse circumstances. (13-1-45 )**

## ( ૨૫૮ )

**તમારી આફતમાં રડતી સૂરતનો દેખાવ દૂર કરો.**
**તમારી મુસીબતો જો હસતે ચહેરે તમે વર્ણવશો,**
**તો તમારા પર તેનો ભાર હળવો થઈ જશે.**

આફતને કાંઇ નોતરવા જવી પડતી નથી. એ તો હાલતાંચાલતાં આવી પડે છે. જીવનનો ઝોક જ એવા પ્રકારનો છે કે એમાં વગર નોતરે, વગર ઇચ્છે, વગર તૈયારીએ, નાની મોટી અગવડ આવ્યા જ કરે. મોટી અગવડને આફત ગણાય. આપણા સમાજબંધારણમાં, આપણા શરીરબંધારણમાં અને આપણા સંબંધોની રચનાઓમાં આફતો અનિવાર્ય છે. સીધા ચાલ્યા જતા હોઈએ અને પગ નીચે કેળાની છાલ આવી જાય અને પગ સરકી જતાં, હાડકું ખડી જાય કે તૂટી જાય તો બે માસનો ખાટલો આવે, કોઇ આપ્તજન અવસાન પામે અને એકનો એક પુત્ર ચાલ્યો જાય કે વેપારમાં ખોટ આવે કે નોકરીમાંથી પાણીચું મળે તો આફત થાય. આવી આફતો જીવનમાં ભરેલી છે, ચોતરફ વીંટાળાયલી છે અને ગમે ત્યારે આવી પડે તેવું આપણે જાણીએ અને અનુભવીએ છીએ. આવી રીતે આપણે આફતોના ડુંગરની પડોશમાં અથવા પાસે જ છીએ. એ નથી આવી ત્યાં સુધી આપણે ગનીમત માનવાનું છે.

પણ આફત આવે ત્યારે મુંઝાઇ જવું નહિ, રોકકળ કરવી નહિ, કકળાટ કરવો નહિ. એમાં ઘણાં કારણો છે. એક તો રડવાથી આફત નાસી જતી નથી. બીજું જ્યારે આફતને આપણે આકરું સ્વરૂપ આપીએ છીએ ત્યારે તેની અસર મન પર ખૂબ થઇ જાય છે. 'હોય એ તો' 'એમજ ચાલે' એવો સ્વભાવ રાખવાથી રસ્તો સરળ થાય છે અને મન પર કાબૂ રહેવાથી આફતનું જોર ઓછું થઇ જાય છે. રડીને ભોગવવા કરતાં હસીને, નરમ પાડીને, નિર્માલ્ય ગણીને–એનો ભોગવટો કરવાથી આફત તદ્દન હળવી બની જાય છે અને એની પાછળ એ કચવાટ મૂકી જતી નથી. આમેય આવેલ આફત ખમવા સિવાય છૂટકો નથી, તો પછી શા માટે એને મહાન સ્થાન આપવું ? અને આફતને હસી

કાઢવાની ટેવ પાડવામાં આવે તો એનું દુઃખ લગભગ નહિ જેવું થઇ જાય છે. વિચારવું કે '**એ બી દીન બીત જાયગા**' આજનો દિવસ જશે, રાત પડશે અને કાલ સવાર તો જરૂર ઊગવાની છે. ત્યારે નકામો કકળાટ શા માટે કરવો? આફતનો ભાવ હળવો કરવાનો ઉપાય એને હસી કાઢવામાં છે. રામચંદ્રને બાર વર્ષનો વનવાસ મળ્યો, એણે એ વાતને હસી કાઢી, નહિ તો રાજવૈભવ ભોગવનાર વનવાસનાં કષ્ટો કેમ ખમી શકે? માટે આફત વખતે કે તેની વાત કરતી વખતે બિચારા બાપડા ન થઇ જવું, સિંહની જેમ તેનો સામનો કરવો અને તેનો ભાર ફૂલ જેવો હળવો બની જશે.

---

**In your adversity avoid a sad countenance; if you relate your misfortunes with a smile it will lesson your realisation of them. (1-2-45)**

**( ૨૫૯ )**

**સાંભળવા કરતાં બોલવા માટે ઓછું મન રાખો;**
**તમે જે સાંભળો છો તે તમે મેળવો છો;**
**તમે જે બોલો છો તે તમે આપો છો.**
**આપવું એ વધારે માનપોષક છે,**
**જ્યારે મેળવવું એ વધારે લાભકારક છે.**

સાંભળવા માટે કાન બે છે ત્યારે બોલવા માટે જીભ એક જ છે. એ ઘટનામાં કાંઇક વિચારવા જેવો ભેદ છે. સાંભળવામાં જમે પાસું ખીલે છે, બોલવામાં આવડતશક્તિ અને ક્રિયાનું ઉધાર પાસું ભાગ ભજવે છે. વેપારી માણસ જમે થાય તેવો વેપાર કરે, જમે માટે ચીવટ રાખે, જેમ બને તેમ જમે વધારે થાય તેવા રસ્તા લે. બોલ બોલ કર્યા કરવું, ગમે તેવું લવ્યા કરવું-એ તો કુતરાની જેવું ભસવાનું કાર્ય છે. એમાં કાંઇ આંતરસંપત્તિ વધે નહિ. સમજુ માણસ બોલવાનું બને તેટલું ઓછું કરે, અંદર ભંડાર વધારવાની દાનત રાખે અને ખાસ જરૂર હોય ત્યારે માત્ર જરૂરજોગું, સામાને લાભ કરે તેવું, સામાને પ્રિય થઇ પડે તેવું તથ્ય બોલે. જ્યારે ત્યારે કે જેવું તેવું બોલી પોતાનો તોલ ઓછો ન કરે. ઓછું બોલનાર અને સર-અવસરે બોલનાર માણુસ ગંભીર ગણાય અને ઉચિત બોલનાર માણુસ ડાહ્યો, કુશળ, સમજુ ગણાય. આપવું જરૂરી છે, પણ અવસરે પાત્રને જોઇ ઉચિત આપે તે સાચો દાતા ગણાય, એના માન સન્માન થાય, એનાં ગાણાં ગવાય, એનાં સ્મારક થાય. ભડભડિયા માણસની ગણના તો અભિમાની કે સામાન્ય માણુસમાં થાય, તેની સાચી વાત પણ મારી જાય અને તેની સલાહનાં મૂલ્ય મીંડામાં આવે.

ત્યારે સાંભળવું તો સર્વ. એમાં નાની મોટી ઉપયોગી વાતો જાણવાનો વધારે ઉપયોગ કરવો, અનેક બાબતોથી વાકેફગાર રહેવું, સર્વ બાબતમાં સાવધાન રહેવું અને કાન ઉઘાડા રાખવા. એમાં સર્વ પ્રકારે લાભ જ છે. એમાં ન ગમે તેવું સાંભળવું પડે તો પણ મુંઝાવાની જરૂર નથી. સાંભળેલી વાતને જચાવવી કેમ તે આપણા કબજાની બાબત છે. કુશળ માણુસ કાનના દરવાજા ઉઘાડા રાખે છે અને જીભ ઉપર બ્રેક ( અટકાયત ) રાખે

છે. આપવામાં માન મળે એ ખરૂં, પણ એમાં કોઇવાર ખાસડાં પણ મળે. પણ સાંભળવામાં તો એકલો લાભ જ છે, માટે મન મોકળું રાખીને સાંભળો અને જરૂર લાભ દેખાય ત્યારે જ સમદૃષ્ટિ રાખી ઉપયોગ પૂરતું બોલો. ન બોલ્યામાં નવ ગુણ છે. કાચા કાનનો માનવી મૂર્ખ ગણાય છે એ ધ્યાનમાં રાખી સમજણપૂર્વક સાંભળો અને સત્ય, પ્રિય, હિત, મિત અને તથ્ય જ બોલો. બોલવા કરતાં સાંભળવા ઉત્સુક રહો.

---

Be always less willing to speak than to hear; what thou hearest thou receivest; what thou speakest thou givest; it is more glorious to give, more profitable to receive. QUARLES ( 7-5-45 )

## ( ૨૬૦ )

**દરેક નાના મોટા સંકટ વખતે જે કળકળી ઊઠે છે તે મૂર્ખ છે.**
**તમારો સારામાં સારો પગ આગળ મૂકો એ જૂની અને સારી કહેવત છે.**
**તમે કમનસીબ છો એમ દરેક ઓળખીતાને કહેતા ફરો નહિ.**
**લોકોને મંદભાગીઓની ઓળખાણ પસંદ નથી હોતી.**

જીવનમાં એક ઘણી મહત્વની વાત શીખી લેવી હોય તો તે મન પરનો **સંયમ** છે, જીવનફતેહની આકરી પણ સુલભ્ય ચાવી હોય તો તે માનસ પરનો **કાબૂ** છે. અને જીવનના વહેણને સુખકર અને આલ્હાદકર કોઈ વલણ હોય તો તે આ મનસંયમ છે. જરા ખાવામાં મોડું થાય, કે ખાવામાં વધારે ખાટું તીખું કે કડવું આવી જાય, કોઇ સાથે બોલાબોલી થાય કે કોઇવાર શેઠ ઠપકો આપવા મંડી જાય તે વખતે મનમાં ઓછું આણવું એ તો સરિયામ મૂર્ખાઇ છે. એથી પણ વધારે ગાંડપણ જરા આફત આવે ત્યાં **કકળાટ** કરવાની ટેવ છે. અને જેની તેની પાસે આપણી અગવડનાં, અલ્પતાનાં, અલ્પ ભાગ્યનાં ગાણાં ગાવા બેસી જવું એ તો ગાઢ અક્કલહીનતા છે.

મારી પાસે ધન વધારે નથી, મને કોઇ બોલાવતું નથી, મને કોઈ ખટાવતું નથી, મારી સારી વાત કોઈ સાંભળતું નથી, મને કોઇ થાબડતું નથી. આવી આવી મંદતાની વાત કરવી એનો કાંઇ અર્થ નથી. હું અભાગીઓ છું, કમનસીબ છું, મારા કપાળમાં એવા વૈભવ શેના હોય? આવી આવી વાતો કરવામાં, કલ્પના કરવામાં કે માન્યતા કરવામાં ઘણાં નુકસાન છે. આપણે જેની સાથે વાત કરીએ એને એક તો એવી વાતમાં રસ જ ન હોય. 'સબસબ કી સંભાળીઓ' એ વાત સાચી છે. ત્યારે જેનીતેની પાસે દુર્ભાગ્યની કથની માંડવામાં મજા શું? અને બધાં વાદળાં કાંઈ સરખાં હોતાં નથી. નકામો ગર્જારવ કરનારાં અને ખોટા ધડાકા કરનારાં વધારે હોય છે. એવાની પાસે પોતાની નબળી વાત કરવાથી આપણું દાળદર ન ફીટે અને ખાલી આપણી નબળી બાજુના જ્ઞાનનો એ દુરુપયોગ કરે.

અને પોતાની આફત સહન કરી જવી એ તો એક લ્હાવો છે. વળી ધ્યાનમાં રહે કે લોકો નિર્ભાગીની કે પછાત પડનારની સોબત ઇચ્છતાં નથી. લોકોને તો ડાંડીઆ મારનાર ગમે છે અને ધડાકે પાતાળ ફોડવાના દાવાદારો પસંદ હોય છે. અંગત સ્નેહીની વાત જુદી

# પ્રશ્નોત્તર

( પ્રશ્નકાર—**ભાઈ દેવચંદ કરશનજી શેઠ—શંખેશ્વર** )

**પ્રશ્ન ૧**—સમકિત, મિશ્ર અને મિથ્યાત્વ શબ્દની સાથે દૃષ્ટિ શબ્દ જોડવામાં આવે છે તેનો અર્થ શું સમજવો?

**ઉત્તર**—એમાં દૃષ્ટિ શબ્દ જોવાવાચક છે. જગતના પદાર્થોને સમ્યક્ પ્રકારે જેવા છે તેવા સ્વરૂપમાં જોવા તે સમકિત અથવા સમ્યગ્દૃષ્ટિ, વિપરીત સ્વરૂપમાં જોવા તે મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્ કે વિપરીત એમાંથી એકે પ્રકારે ન જોવા, માત્ર ભોળાભાવે નીહાળવા તે મિશ્રદૃષ્ટિ સમજવી.

**પ્રશ્ન ૨**—ભણતાં અંતરાય કરે તો તેને જ્ઞાનાવરણી કર્મ બંધાય ને તે ઉદયમાં આવે ત્યારે જ્ઞાન ન જાણી શકે પરંતુ જ્ઞાનનો અંતરાય કરનાર લૂલા, પાંગળા, આંધળા થાય એમ કહેવાય છે તેનું શું કારણ?

**ઉત્તર**—પાંચ ઈંદ્રિયો પૂરી પામવી તે મતિજ્ઞાનાવરણીયના ક્ષયોપશમની જરૂર છે; તે ન હોય એટલે ઇંદ્રિયોની ખામી પ્રાપ્ત થાય.

**પ્રશ્ન ૩**—જીવ જેટલી પર્યાપ્તિ બાંધવાનો હોય તેટલીની શરૂઆત તો એક સાથે જ કરે છે અને તેની પૂર્ણતા ક્રમે ક્રમે થાય છે એ તો બરાબર છે, પરંતુ પર્યાપ્તિ પૂર્ણ થવાથી કેવી શક્તિ પ્રાપ્ત થાય છે?

**ઉત્તર**—ચોથી, પાંચમી ને છઠ્ઠી પર્યાપ્તિથી શ્વાસોચ્છ્વાસ વર્ગણા, ભાષા-વર્ગણા ને મનોવર્ગણા જ્યારે જ્યારે જરૂર હોય ત્યારે તે તે વર્ગણા ગ્રહણ કરવાની, તે તેપણે પરિણમાવવાની અને અવલંબીને વાપરીને તજી દેવાની શક્તિ પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન ૪**—એક વાર બાંધેલું કર્મ અધ્યવસાયના પ્રમાણમાં દશ વાર, સો વાર,

---

છે, બાકી જેનીતેની પાસે ગણગણાટ મૂકી દો, નબળી પાતળી વાતને તિલાંજલી આપો, મિત્રવર્ગમાં વાત કરતા શીખો અને સ્નેહ જમાવવો હોય તો પોતાના સારા મુદ્દાને બહાર લાવો, પારકા કાંઇ ભાગ લેતા નથી, મદદ કરતા નથી. એતો કકળાટીઆથી દૂર નાસે છે, માટે વિજય મેળવવો હોય તો તીક્ષ્ણ વાતો મૂકી દો, ડાંડીઆ મારે રાખો. અને આગળ ધપાવે જાઓ.

**મૌક્તિક**

---

He is a fool that grumbles at every little mischance. Put the best foot foremost is an old and good maxim. Do not run about and tell acquaintances that you have been unfortunate; people do not like to have unfortunate men for their acquaintances. A. L. Forbes (14-6-45)

હજાર વાર, એમ ઉદયમાં આવે છે તો જેવી ક્રિયાથી બાંધ્યું હોય તે જ જાતની પીડા આવે કે કેમ ?

**ઉત્તર**—તેનો નિયમ સમજવો નહીં, અસાતાવેદની કર્મ બંધાય તે અનેક પ્રકારે ઉદયમાં આવે એમ સમજવું.

**પ્રશ્ન ૫**—તીર્થંકર ન હોય ત્યારે કાયમ ગણધર દેશના આપે એવો નિયમ છે ?

**ઉત્તર**—તીર્થંકર વિહાર કરે એટલે સમવસરણ વિસર્જન થાય. પછી તો જે સ્થળે જે મુનિ હોય તે દેશના આપે, ગણધર જ આપે એમ નહીં

**પ્રશ્ન ૬**—ગણધર કેવી રીતે દેશના આપે ? શું તે સૂત્ર પ્રરૂપે ?

**ઉત્તર**—જેમ બધા મુનિઓ આપે છે તેમ તે દેશના આપે-સૂત્ર અર્થની વહેંચણનો પ્રસંગ દરેક વખતે સમજવાનો નથી.

**પ્રશ્ન ૭**—હાલ જે રીતે મુનિરાજ દેશના આપે છે તે રીત બરાબર છે ?

**ઉત્તર**—બરાબર લાગે છે પરંતુ દેશકાળાનુસાર આચાર્યો-યુગપ્રધાનો તે તે રીતિમાં યોગ્ય ફેરફાર કરી શકે.

**પ્રશ્ન ૮**—મુનિ કઈ કઇ બાબતમાં આદેશ કરી શકે ?

**ઉત્તર**—સામાયિક, પોસહ, પ્રતિક્રમણ, દેવપૂજા, વ્રતગ્રહણ વિગેરે અનેક પ્રકારની ધર્મક્રિયા કરવાનો ઉપદેશ આપે અને યોગ્ય અવસરે યોગ્ય રીતે આદેશ પણ કરે..

**પ્રશ્ન ૯**—સમકિતદૃષ્ટિ શ્રાવકે દરરોજ જિનપૂજા કરવી જોઇએ કે કેમ ?

**ઉત્તર**—કરવી જોઇએ, પરંતુ પ્રસંગે ન પણ કરી શકે પરંતુ ભાવના નિરંતર જિનપૂજા કરવાની રાખે.

**પ્રશ્ન ૧૦**—માર્ગાનુસારીના ગુણો આવ્યા સિવાય જીવ સમકિત પામે ?

**ઉત્તર**—અમુક અંશે માર્ગાનુસારીના ગુણો સમકિતપ્રાપ્તિ અગાઉ જીવને પ્રાપ્ત થાય જ છે. પછી સમકિત પામે છે.

**પ્રશ્ન ૧૧**—સમકિતી મનુષ્યો મિથ્યાત્વીઓથી પોતાનું રક્ષણ ઇચ્છે ?

**ઉત્તર**—મિથ્યાત્વીથી અને મિથ્યાત્વથી પોતાનું રક્ષણ ઇચ્છે છે અને કરે તે કારણથી જ સમકિત સંબંધી પાંચ અતિચારો ટાળે છે.

**પ્રશ્ન ૧૨**—સૂક્ષ્મ એકેંદ્રિયની કેટલી જીવયોનિ સમજવી ?

**ઉત્તર**—પાંચે સ્થાવર સૂક્ષ્મબાદરની જીવયોનિ જુદી જુદી કહી નથી.

**પ્રશ્ન ૧૩**—સંમૂર્છિમ મનુષ્ય ને તિર્યંચ પંચેંદ્રિયની જીવયોનિ કેટલી ?

**ઉત્તર**—એની ને ગર્ભજની ભેળી જ જીવયોનિની સંખ્યા કહેલી છે.

**પ્રશ્ન ૧૪**—ઇંદ્રપણું સમકિતી જીવ જ પામે કે કેમ ?

**ઉત્તર**—ઇંદ્રો બધા સમકિતી જ હોય, તેને ઉત્પન્ન થવાના વખતથી જ સમકિતી સમજવા.

**પ્રશ્ન ૧૫**—પદાર્થોના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ બદલાય ત્યારે ચલીત રસ થાય એમ કહેવાય છે તો તે ચારે બદલાય કે ઓછા પણ બદલાય ?

**ઉત્તર**—બદલાવા તો ચારે જોઇએ પરંતુ તેમાં મુખ્યતા રસની છે તેથી તેને ચલિતરસ કહેલ છે. કોઇપણ પદાર્થ ક્યારે ચળિતરસ થાય છે કે થયો છે તે આપણે છદ્મસ્થ એકાએક સમજી શકીએ નહી. તેમાં દૂધ, દહીં, મીઠાઇ વીગેરેની મર્યાદા તો શાસ્ત્રકારે બાંધેલી છે.

**પ્રશ્ન ૧૬**—ખારા મીઠા પાણીને, સચિત્ત અચિત્ત પાણીને તેમજ કડવી ને મીઠી અનેક પ્રકારની વનસ્પતિઓને નિયમ ધારનારે જુદા જુદા દ્રવ્ય તરીકે ગણવા કે કેમ? **ઉત્તર**—જુદા જુદા દ્રવ્ય ગણવા.

**પ્રશ્ન ૧૭**—ગોળ, ખાંડ, સાકર વગેરેનો અમુક કાળે તેમજ અમુક સંયોગે રંગ બદલાય છે તો તેને અભક્ષ્ય ગણી શકાય?

**ઉત્તર**—માત્ર રંગ બદલાવાથી અભક્ષ્ય ન કહેવાય, રસ વિગેરે બદલાવા જોઇએ.

**પ્રશ્ન ૧૮**—ચારે કષાય સંબંધી સમુદ્ઘાત જુદા જુદા હોય કે કેમ?

**ઉત્તર**—જુદા જુદા હોય.

**પ્રશ્ન ૧૯**—ચક્ષુ વિગેરે ચાર પ્રકારના દર્શન કહ્યા છે તેમાં દર્શન શબ્દનો અર્થ શું સમજવો?

**ઉત્તર**—એમાં દર્શન શબ્દ દેખવાના અર્થમાં છે પરંતુ તેને સામાન્ય ઉપયોગરૂપ સમજવા. અચક્ષુદર્શનમાં ચક્ષુ સિવાયની બીજી ઇંદ્રિયોવડે જાણવાનું સમજવું.

**પ્રશ્ન ૨૦**—મિથ્યાત્વી દેવો કુદેવમાં અરિહંત વિનાના દેવને, કુગુરુમાં મુનિરાજ વિનાના બીજા ગુરુને, કુધર્મમાં અરિહંતે કહેલા ધર્મ સિવાય અન્ય ધર્મને માનનારા સમજવા કે કેમ? **ઉત્તર**—મુખ્ય વૃત્તિએ તેને જ સમજવા.

**પ્રશ્ન ૨૧**—દાન, શિયળ, તપ ને ભાવ એ ચાર પ્રકારનો ધર્મ આહારાદિ ચાર સંજ્ઞાના તેમજ ચાર કષાયના નિવારણ માટે સમજવો કે કેમ?

**ઉત્તર**—એ ચાર પ્રકારનો ધર્મ ચારે પ્રકારની સંજ્ઞાના બળને ઘટાડે છે, કષાયની અલ્પતા કરે છે પરંતુ એમાં ક્રમ સમજવો નહિં.

**પ્રશ્ન ૨૨**—પૌષધના એકાસણામાં વાપરવાની વસ્તુ પ્રથમ તૈયાર કરાવે અને પછી એકાસણામાં વાપરે તો તેને એષણા સંબંધી દોષ લાગે કે નહિ?

**ઉત્તર**—એષણાના ૪૨ દોષ ખાસ મુનિ માટે છે, શ્રાવક માટે નથી તેથી એમાં પોષહ કરનારને દોષ લાગતો નથી.

**પ્રશ્ન ૨૩**—મુહપત્તિ યોગ્ય સમયે ન વાપરવાથી કઇ જાતનો દોષ લાગે?

**ઉત્તર**—ભાષાસમિતિની વિરાધનારૂપ દોષ લાગે. આ બાબત વધારે ચર્ચા મુનિરાજની સમક્ષ જઇને કરવા યોગ્ય છે.

**પ્રશ્ન ૨૪**—તિર્યંચ ને મનુષ્યના નિર્વાણ નામકર્મમાં ફેરફાર હોય કે કેમ?

**ઉત્તર**—હોય જ. કર્મથી એકેક પ્રકૃતિમાં જુદા જુદા નિમિત્તને લઇને અનેક ભેદ પડે છે.

**સ્વ૦ કુંવરજીભાઇ**

# અધ્યાત્મ–શ્રીપાલ ચરિત્ર

( ૪ )

## પ્રસંગ ૭ મો.

શ્રી તીર્થંકર દેવનું કથન છે કે—જે જીવાદિ નવ પદાર્થોને જાણે છે તે સમકિતી છે પણ એ ઉપર ભાવથી શ્રદ્ધા ધરાવે છે તે પણ સમકિતવંત છે. એટલે કે જ્ઞાની અને તેમની નિશ્રાયે ચાલનાર એમ ઉભયને લાભ બતાવ્યો છે; તેથી જ ગીતાર્થોની સૂચના મૂલ્યવાન ગણાયેલ છે અને એ કારણે જ એ મુજબ વર્તનાર માર્ગમાં છે એમ કહેવાય છે. બાકી સમજપૂર્વકની કરણી જ મૂલ્યવતી છે. જ્ઞાનની અચિંત્ય શક્તિ છે એ માટે બે મત છે જ નહીં, '**ज्ञानक्रियाभ्याम् मोक्षः**' અથવા તો '**ज्ञानदर्शनचारित्राणि मोक्षमार्गः**' જેવા ટંકશાળી વચનો એની જીવંત પ્રતીતિ સમા છે.

જુઓ ઉપરનું કિંમતી રહસ્ય મયણાસુંદરીના નવપદ આરાધનમાં દૃષ્ટિગોચર થાય છે. આયંબિલના તપપૂર્વક, વિધિવિધાન સમજીને કરનાર મયણાસુંદરી મુખ્ય પાત્ર છે. તેણીના કહ્યા પ્રમાણે આચરણ કરનાર શ્રીપાલ કુંવરમાં એ સંબંધી સમજ નથી જ. પણ પ્રિયા મયણાની કાર્યવાહીમાં સંપૂર્ણ શ્રદ્ધા છે. 'કાર્યેષુ મંત્રી'વાળા નીતિકારના શ્લોકણાં કુળવંતી રમણીના જે ગુણો બતાવેલા છે એ મુજબ તેણીનું વર્તન હોવાથી કોઢગ્રસ્ત કુંવરને એના પ્રત્યે બહુમાન છે એટલું જ નહીં પણ સાચી–કલ્યાણકારી જનની જેવો વિશ્વાસ છે. સાત સો કુષ્ટિઓ તો એને દેવી અન્નપૂર્ણા તરીકે લેખે છે. કુમાર તો ક્રિયાની નકલ પણ કરે છે જ્યારે એ બધા તો દૂરથી જોયા જ કરે છે. આમ છતાં જ્યારે અર્હન્તની સ્નાનવિધિને અંતે મયણાસુંદરી, એ ન્હવણ જળના છાંટણા કરવા આવે છે ત્યારે કોઇ અપૂર્વ ઉલ્લાસ અને અગમ્ય ભાવથી તેઓ એ ઝીલે છે. 'કરણ, કરાવણ ને અનુમોદન સરખા ફળ નિપજાવે' જેવી ઉક્તિ પાછળનું રહસ્ય આવા ટાણે ઝટ પચી જાય છે. પ્રસંગ અને ઉપનય અત્ર એકઠો આલેખાયો છે.

× × ×

## પ્રસંગ ૮ મો.

પુત્રી મયણાની જોડમાં કાંતિમાન કુમારને બેસી સ્તવન કરતો નિરખતાં જ દેવદર્શને આવેલી માતા ભાન ભૂલી મનમાં કંઈ કંઈ આર્ત્તધ્યાન કરી ચૂકી ! નિસિહીનો મર્મ પણ ભૂલી ગઈ ! ઝટપટ પાછી ફરી મંદિરના ચોગાનમાં મયણાની માર્ગપ્રતીક્ષા કરવા લાગી. ગુસ્સાથી અને સાથમાં કુષ્ટિ પતિને બદલે પરપુરુષને જોતાં જ માની લીધેલ કુળખાંપણથી એના નેત્રો રાતાચોળ બની ગયાં.

મયણાને આવતી દેખી એ ગર્જી ઊઠી.

આખરે તેં આ અવળો માર્ગ જ લીધોને ! દીકરી ! ત્હારો ધર્મ–નીતિનો અભ્યાસ કયાં ગયો ? આવું નીચ કાર્ય કરી તું કયા મ્હોઢે મારી પાસે આવે છે ? કુલીનતાને કલંક ચોટાડયું !

માતુશ્રી ! શામાટે આકળા થાવ છો. તમારી કુળ લાજે તેવું કામ મયણા હરગીજ

કરે તેમ નથી. એ જેમ કુલીનતાના પાઠ પઢી છે તેમ ધર્મ–નીતિના ધાવણ પણ ધાવી છે જ. પિતાએ ક્રોધમાં દીધેલ એ વર જ મારી જોડમાં છે. બીજો કોઇ પર-પુરુષ નથી. થયેલ ફેરફાર એ મારા ભાગ્યને આધીન છે. એમાં ગુરુમહારાજના ઉપદેશે અને વીતરાગ પ્રભુની ભકિતએ નિમિત્તરૂપ બની, સુંદર ભાગ ભજવ્યો છે.

દીકરી ! આ તું સાચું કહે છે ?

માતા ! વિશ્વાસ ન બેસતો હોય તો જુઓ પેલા સાતસો કોઢીઆ બેઠા છે તેમને પૂછી જુઓ. એમનો રોગ પણ ગયો. એ બધો મહિમા શ્રી સિદ્ધચક્રજીના આરાધનનો–આયંબિલ જેવા પવિત્ર તપનો.

દીકરી, તેં રૂડું કર્યું, મારું કૂળ તેં દીપાવ્યું, સેંકડોના રોગનું નિવારણ કર્યું, અને જૈનધર્મની પ્રભાવના પણ વિસ્તારી.

× × ×

શ્રીપાલ માતા–વેવાણ, તમારી પુત્રીએ મારા પુત્રના રોગને નિવાર્યો, પણ એને સતમાર્ગનો પૂજારી પણ બનાવ્યો. મહાકષ્ટે દવા લાવી હતી છતાં એથી કોઢ રોગ નષ્ટ થશે કે કેમ એની પાકી ખાતરી નહોતી. મયણાએ તો અમારો ઉદ્ધાર કર્યો.

એવું ન બોલો. તમારા સરખા ચંપાના માલિકને ઘેર અમારી દીકરીનું ભાગ્ય કયાંથી જોડાત ? દેખાતાં અંધારામાં ભૂસકો મારવા છતાં આવો અપૂર્વ પ્રકાશ લાધ્યો, ગાઢ સંબંધ સંધાયો. એ સર્વ દીકરીની ધર્મશ્રદ્ધાનો પ્રતાપ.

× × ×

ઝરૂખામાં મયણા સાથે સોગઠાબાજી રમતા કાંતિમાન કુંવરને દેખી માલવપતિ પ્રજાપાળની ચાર આંખ થઈ ! ગુસ્સાથી દેહ કંપી ઊઠયો. એકદમ સાળાના આવાસમાં પહોંચી જઇ તે ગર્જી ઊઠયો.

તમો આ શું લઇ બેઠા છો ? મારી આબરૂનું લીલામ કરાવવામાં સાથ આપી વેર વાળી રહ્યા છો ! પિતાની ખાનદાનીને કલંક પહોંચાડી, કોઢીયા પતિને રઝળતો મૂકી કોઈ સ્વરૂપવાનનો પલ્લો પકડવો એનું નામ આપકર્મીપણું ! એમાં જ ધર્મ અને નીતિ.

રૂપસુંદરી–સ્વામીનાથ, આકળા ન થાવ. યદ્વાતદ્વા ન બોલો ઉપર બાજી રમી રહેલો કુંવર એ કોઇ સામાન્ય કુષ્ટિ નહોતો. ચંપાનો રાજકુંવર શ્રીપાલ છે એમ કહી વેવાણ કમળપ્રભાના મુખથી શ્રવણ કરેલ સારો,યે વૃત્તાન્ત કહી સંભળાવ્યો.

એ સાંભળી માલવ નરેશને ક્રોધમાં કરેલ ભૂલનો પસ્તાવો થયો અને પુત્રી મયણાના વચનમાં પાકી શ્રદ્ધા બેઠી. માળ ઉપર જઇ દીકરી–જમાઇને નમ્રતાથી પોતાના આંગણે પધારવા અને ગઈ ગૂજરી ભૂલી જવા જણાવ્યું. સમજુ એવી મયણાએ વડિલનો વિનય સાચવી પ્રણામ કરતાં કહ્યું કે–મુરબ્બી એ બનાવમાં આપ તો નિમિત્ત માત્ર છો. મુખ્ય ભાગ ભજવનાર તો પૂર્વકૃત કર્મો જ છે.

× × ×

**પ્રસંગ ૯ મો—**

વનશ્રી નિહાળવા જઇ રહેલા શ્રીપાલ કુંવરને કાને નિમ્ન શબ્દો પડયા. મા દીકરી વચ્ચેના વાર્તાલાપના એ શબ્દો ! ઝરૂખામાં ઊભેલી એક કન્યાએ પોતાની

વૃદ્ધ માતાને ઉદ્દેશી બજાર માર્ગે જતાં કુંવરને જોઇ પૂછેલું કે–એ કોણ છે ?

ભોળી દિકરી, ખબર નથી ? એ આપણા રાજાનો જમાઇ છે. ઉપરના શબ્દો કાને પડતાં જ શ્રીપાલકુંવરનું હૃદય હાલી ઊઠ્યું ! નીતિકારનું વચન યાદ આવ્યું. શ્વસુર પક્ષે ઓળખાવું એ તો અધમાધમ ! સ્વગુણોની ખ્યાતિઓ ઉત્તમ, પિતાના નામે પિછાન એ મધ્યમ, મોસાળ પક્ષે ઓળખાણ એ અધમ પણ અહીં તો એમાંનું કંઇ જ નહીં ! ભલેને સાહેબી સર્વ પ્રકારની હોય પણ એનો ઉપયોગ શો ? હવે અહીં ઘડી પણ ન રહેવાય ! ક્ષત્રિય બચ્ચાની ખ્યાતિ તો પોતાની ભુજાઓના બળ–પરાક્રમવડે જ અંકાય. એ વેળા જ પરદેશ જઇ ભાગ્યપરીક્ષા કરવાનો નિશ્ચય કર્યો. ઘરમાં પગ મૂકતાં જ માતુશ્રીને ઉદ્દેશી કહ્યું.

માતાજી, હું પરદેશ જવા ઇચ્છું છું અને તે પણ આવતી કાલે જ. આ શબ્દોએ મયણાસુંદરીનું ધ્યાન ખેંચ્યું અને રાણી કમળપ્રભા તો રડવા જેવા થઇ ગયા. ગળગળા સાદે બોલ્યા–દીકરા, માંડ માંડ સુખના દિવસ જોવાના આવ્યા. બાપીકું રાજ્ય અને સાહિબી તો અંજલીમાંથી પાણી વહી જાય તેમ ઇચ્છા ન છતાં ચાલ્યા ગયાં. રસ્તાના ભિખારી જેવું જીવન થઇ પડ્યું ! કંચનવર્ણી ત્હારી કાયા ‘ કોઢ ’ જેવા મહારોગનો ભોગ બની. એના નિવારણ અર્થે તને પારકાના ભરોંસે સોંપી મહાકષ્ટે પુત્રસ્નેહને ઘડીભર વીસારી મૂકી હું અજાણ્યા મુલકમાં ભટકી. કયાં કયાં રખડી અને કોને કોને આજીજી કરી એ ફક્ત મારો આત્મા જ જાણે છે. બાલુડા, એક તારા સ્નેહના કારણે એ બધું સહ્યું. પૂર્વના પૂન્યથી પુનઃ મેળાપ થયો અને તને નવે અવતારે જોયો. ઉપકાર માન આ કુળવંતી વહુનો–ગુણવંતી મયણાનો કે જેણે ફરીથી આ સુખના દિન દેખાડયાં. હવે શા કારણે અમને ત્યજી દેવા તૈયાર થયો છે ?

માતાના સવાલનો જવાબ અને એ પછી મયણાસુંદરીની માંગણી આદિ રસમય વૃત્તાન્ત હવે પછી.

સાતમા પ્રસંગમાં જ્ઞાન–ક્રિયારૂપ બેલડી એજ ભવતરણી અને સર્વ દુઃખહરણી છે એ વાત યાદ રાખવા જેવી છે. એમાં પણ ‘ પહેલું જ્ઞાન ને પછી ક્રિયા ’ પર તો લાલ લીંટી જ શોભે. આઠમા પ્રસંગમાં કુળને ખાંપણ ન લાગે, કીર્તિને ડાઘ ન બેસેની વૃત્તિના પ્રદર્શન થાય છે તેમ સંસ્કારથી સીંચાયેલ પ્રજા વડિલનો વાંક ન જોતાં પોતાના કર્મદોષ જોઇ પવિત્રતા માટે કેવો ભાગ ભજવે છે, એ જોવાય છે. ધરમથી કરમ ઠેલાય છે એ સાચું ઠરે છે. નવમા પ્રસંગનું ચિત્ર તો આપણા સંસારમાં બનતા બનાવની એક વાનગી છે. પ્રશ્ન એ ઉદ્ભવે છે કે કયાં એ પૂર્વની માન્યતા અને કયાં આજની પ્રજાની માન્યતા ! એ કાળના સાહસની ઝાંખી આજે કેટલા પ્રમાણમાં જોવાય છે ? માતાના હૃદયમાં વાત્સલ્યતા એ કાળે હતી અને આજે પણ છે છતાં હવેના પ્રસંગથી એ વચ્ચેનો ફરક સમજાશે. શ્રીપાલ ચરિત્ર આવા બોધપાઠોથી ભરપૂર છે તેથી તો એ વારંવાર યાદ કરવું રુચિકર છે. (ચાલુ)

શ્રી આનંદઘનજીનું

# દિવ્ય જિનમાર્ગદર્શન

( ૨૨ )

( ગતાંક પૃષ્ઠ ૨૩ થી શરૂ )

**પથિક**—મહાત્મન્! આ દિવ્ય માર્ગના દર્શન માટેનું દિવ્ય નયન પામવાની યોગ્યતા માટે પણ કેટલું બધું ઉચ્ચ અધિકારીપણું હોવું જોઈએ, તે આ ઉપરથી મ્હારા લક્ષમાં આવ્યું, અને આવા ઉચ્ચ અધિકારીને અનુક્રમે યથાયોગ્ય યોગ્યતાની વૃદ્ધિ થતાં કાળ-લબ્ધિ પાકયે માર્ગદર્શનની આશા કેમ સદોદિત રહે છે તે પણ આપના કૃપાપ્રસાદથી મ્હારા સમજવામાં આવ્યું.

**યોગિરાજ**—અહો ભવ્ય! સાચા મુમુક્ષુને–સાચા માર્ગજિજ્ઞાસુને કોઇ પણ પ્રકારે નિરાશ થવાનું કારણ નથી, કારણ કે જેમ જેમ તેનામાં આત્મગુણના પ્રગટપણારૂપ યોગ્યતાની વૃદ્ધિ થતી જાય છે, તેમ તેમ તે માર્ગસન્મુખ–માર્ગ સમીપ આવતો જાય છે, અને એમ કરતાં યોગ્યતાની યથાયોગ્ય વૃદ્ધિ થતાં કાળલબ્ધિનો પરિપાક થયે, દિવ્ય નયનને સાક્ષાત્ પામેલા સાચા સદ્‌ગુરુના યોગે તેને દિવ્ય નયનની પ્રાપ્તિ પણ થાય છે, અને તેના વડે કરીને તે અલૌકિક–લોકોત્તર એવા આ **અધ્યાત્મપ્રધાન** દિવ્ય જિન-માર્ગનું સમ્યગ્‌દર્શન કરવા ભાગ્યશાળી થાય છે, અને પછી આ પરમ ઉપકારી–પરમ કલ્યાણકારી જિનમાર્ગના યથાર્થ દર્શનપૂર્વક તે માર્ગે **સંવેગથી**–અત્યંત વેગથી સંચરતો રહી તે કૃતકૃત્યતા અનુભવે છે. આમ માત્ર એક મોક્ષની અભિલાષા ધરનારો સાચો મુમુક્ષુ–તીવ્ર તત્ત્વપિપાસુ કદી પણ કોઇ પણ નિરાશાને ભજતો જ નથી; પણ કાળલબ્ધિને પ્રાપ્ત કરી **અજિત** જિન જેવા પરમ પુરુષસિંહો જે માર્ગે સંચર્યા છે એવો આ અનુપમ પરમોત્તમ દિવ્ય માર્ગ પામશું, એવી આશાના અવલંબને તે **સંયમરૂપ પરમાર્થ જીવનથી જીવે છે**, અને અધ્યાત્મગુણની× નિરંતર વૃદ્ધિ કરતો રહી **આનંદઘન–દર્શન**-રૂપ આમ્રતરુ પાસેથી દિવ્ય અમૃતફળની સદાય આશા સેવે છે.

**પથિક**—યોગિરાજ! હવે મને સ્પષ્ટ સમજાયું કે, સાચા માર્ગગવેષક મુમુક્ષુને નિરાશાનો લેશ પણ અવકાશ નથી, પરંતુ આશાનું પૂરેપૂરું કારણ છે.

**યોગિરાજ**—વિચક્ષણ ભવ્ય! એમ જ છે, નિઃસંદેહ એમ જ છે, કારણ કે સાચા

---

× " जत्तो य अंतरंगो अज्झप्पज्झाणजोगओ जुत्तो ।
जं एसो च्चिय सारो सयलंमि वि जोगसत्थंमि ॥ "

અને યત્ન પણ **અધ્યાત્મ–ધ્યાનયોગથી અંતરંગ** એવો યુક્ત છે, કારણ કે આ અધ્યાત્મ–ધ્યાનયોગ સકલ યોગશાસ્ત્રમાં સાર છે.

—**ઉપદેશરહસ્ય.**

આત્મપુરુષાર્થશીલ અને આજ્ઞા આરાધનમાં અપ્રમાદી એવા મુમુક્ષુને હૈયે ધીરજ છે કે કાળલબ્ધિ પરિપકવ થતાં મને અવશ્ય દિવ્ય નયનની પ્રાપ્તિ થશે, અને તેના પ્રકાશથી મને આ દિવ્ય જિનમાર્ગનું યથાર્થ દર્શન સાંપડશે. એટલે આવા સાચા ભાવિતાત્મા મુમુક્ષુ ભક્તજન પ્રભુને પ્રાર્થના કરતાં પણ સાચા અંતઃકરણથી ભાવે છે કેઃ—

હે ભગવન્! હું તેવા કાળની પ્રતીક્ષા કરી રહ્યો છું કે—ક્યારે મ્હારી કાળલબ્ધિ પાકે ને મને દિવ્ય નયનની પ્રાપ્તિ થઇ ત્હારું દિવ્ય દર્શન સાંપડે! અને તે પ્રાપ્તિ મને મોડા–વ્હેલી થશે જ એવી મને પૂરેપૂરી આશા છે; કારણ કે આંબાની ગોટલી યોગ્ય ભૂમિમાં વાવી છે, તો તેમાંથી કાળાંતરે આંબો અવશ્ય થશે. પણ તેમ થવામાં પણ અમુક વખત જશે, કાળપરિપાક થયે આંબો પાકશે, 'ઉતાવળે આંબા ન પાકે'. તેમ હે પ્રભુ! ત્હારી ભક્તિરૂપ–પરમ પ્રીતિરૂપ યોગના બીજ મેં ચિત્ત–ભૂમિમાં વાવ્યા છે, તો મને ખાત્રી છે કે કાળાંતરે પણ તેના દિવ્યનયનરૂપ ફળની મને અવશ્ય પ્રાપ્તિ થવી જ જોઇએ. હે પરમ કૃપાળુ દેવ! ત્હારી પરમ પ્રીતિ–ભક્તિરૂપ ગોટલી શુદ્ધ ચિત્ત–ક્ષેત્રમાં વાવી છે, તો **આનંદઘનરૂપ** આંબો અવશ્ય કાળલબ્ધિ પામી પાકશે જ, એવો મને અખંડ નિશ્ચળ નિશ્ચય છે. અથવા હે **આનંદઘન** ભગવાન્! આપ પોતે આમ્રવૃક્ષ-રૂપ છો, પરમ નિષ્કારણ કરુણાશીલ પરમ ઉપકારી છો, શીતલ શાંતિદાયી છાયા આપો છો, ફલભારથી લચી રહેલા આપ આમ્રવૃક્ષ શું મને એકાદ ફળ નહિં આપો? આપશો જ, એવો મને પરમ દઢ વિશ્વાસ છે, અભંગ આશા છે. હે જિનદેવ! એ આશાને તાંતણે જ ટીંગાઇ રહી હું જીવી રહ્યો છું, એ આશાતંતુ જ મને જીવાડી રહ્યો છે. જો એ આશાતંતુનું અવલંબન ન હોત તો હું જીવત જ નહિં, મ્હારું ભાવમૃત્યુ જ થયું હોત! પણ 'આશા અમર છે.' આખું જગત્ આશાએ જીવે છે, તેમ હું પણ મ્હારી તે એકની એક આશાએ જ જીવી રહ્યો છું, ને મ્હારો 'આશાપૂરો' નાથ તે આશા પૂરશે, એમ મ્હારો દઢ આત્મવિશ્વાસ છે.

એમ કહી ભાવાવેશમાં આવી જઈ—

"કાળલબ્ધિ લહી પંથ નિહાળશું રે,
  એ આશા અવલંબ;
એ જન જીવે રે જિનજી! જાણજો રે,
  આનંદઘન મત અંબ...પંથડો નિહાળું રે બીજા જિનતણો રે,"—

એવી ધૂન લલકારતા લલકારતા યોગિરાજ, પંથી સાથે ઊઠી, પોતાનો વ્હાલો પંથડો નિહાળતા નિહાળતા ચાલ્યા જાય છે! તેમના દિવ્ય ઘેરા નિનાદના પડછંદા વાતા-વરણમાં હજુ પણ તેવા ને તેવા તાજા સંભળાયા કરે છે!—જે સકર્ણ સહૃદય જનો સાંભળી દિવ્ય જિનમાર્ગનું દર્શન કરવા પ્રેરાય છે! અને અંતરાત્માથી પોકારે છે—'જય આનંદઘન!'—

ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા, M.B.B.S.

# ॥ चारित्र और विचार ॥

**अमेरिकन विद्वान मी. राल्फवाल्ड्रोट्राईनकृत पुस्तक के गुजराती अनुवाद से**
हिन्दी अनुवादक–**राजमल भंडारी–आगर (मालवा)**

अपने शुभ या अशुभ विचार कार्यरूपमें परिणीत होते है। और कार्य करते करते वह कार्य स्वभाव, आदत या टेव व मुहाव्रेमें हो जाता है। मनुष्य जीवन का क्रम ही ऐसा होता हैं कि जैसे जैसे विचार होते है वैसी भावना प्रबल होती जाती है और वह शिघ्र या विलम्ब से कार्यप्रदेशमें प्रगट हुवे विना नही रहती। यह महान् और अबाध्य नियम के मुताबिक अपने जीवन के प्रत्येक समयमें कुछ न कुछ ऐसा स्वभाव व आदत व टेव हो जाती हैं, जीसमें कीतनी ही इष्ट होती है व कीतनी ही अनिष्ट मी हो सकती है। यह पडी हुई अनिष्ट टेव साधारण अल्प प्रमाणमें होती है, वहांतक तो हानिकारक नहीं होती लेकिन जहां इसका प्रमाण विशेष हुवा कि फिर यह दुःखदायक और शौकजनक हो जाती है। इसी प्रकार इष्ट पडी हुई टेव, अपने को सुख-शान्ति, आनन्द व प्रोत्साहन देनेवाली होती हैं।

यहां यह प्रश्न पैदा हो सकता है कि अमुक स्वभाव को किंवा टेव को अपने में आने देना या नहीं क्या? यह अपने हाथ में है या दुसरी तरह से कहें तो क्या? चारित्र स्वभाव बनाना यह देवाधीन हैं या अपने स्वयं के हाथ में हैं? निश्चय से यह अपने ही हाथमें हैं। पूर्ण तौर से निज के ही अधिकार में हैं, वस्तुतः देव के नाम का जो इसमें आरोपण किया जाता है वह मिथ्या है। सृष्टि के नियम अनुसार कार्य कारण की सांकल अखंड तौर से कार्य करती रहती हैं। इसी महानियम के अनुसार ऐसा प्रत्येक मनुष्य छाती पर लगा कर कह सकता है, और हर मनुष्य को इस तरह कहना भी चाहिये।

अपनी पूर्ण द्रढ़ता और निश्चयपूर्वक अंतःकरण में इस महानियम के अनुसरती हुई भावना निःशंकता से ठसाना चाहिये ऐसी भावना की निःशंक प्रतीति प्राप्त करना कोई ऐसा विषम कार्य नहीं है।

एक की संख्या के माप को समझनेवाले के लिये दो की संख्या के माप को जानना जीतना सरल है, उतना ही सरल चारित्र के बंधारण का मुख्य नियम

यथार्थ समझनेवाले के लिये उपरोक्त भावना प्राप्त करने की है। यह नियम बहुत सरल समझने आजावे ऐसा कुदरत के दुसरे नियमों की तरह शास्त्रीय भी है। इस नियम को समझने से पुरानी से पुरानी अनिष्ट मिथ्या आसक्ति की पड़ी हुइ टेव दूर कर सकते है। और नई इष्ट तथा सत्य अने सुख को प्राप्त करानेवाली दैवी टेववाला स्वभाव बना सकते हैं। इतना ही नहीं अपने जीवन में परिवर्तन करना चाहें तो कर सकते हैं, आवश्यकता नियम को समझ लेने पर उस मुताबिक वर्ताव करने की तीव्र अभिलाषा होना चाहिये।

मनुष्य का चारित्र यह उसके विचार का ही परिणाम है। प्रत्येक कार्य के मूल में विचार ही आधाररूप से हुवा है। अपनी भावना अनुसार ही अपने बाह्यकार्य का जन्म होता है, और यह कार्य वारम्वार करने से ऐसी ही आदत्त व टेव हो जाती है, इसी से ही चारित्र स्वभाव बनता है। अपने को अपना जैसा चारित्र बनाना हो वैसे ही विचार करने का ध्यान में रखना चाहिये। जैसा विचार वैसा उच्चार, जैसा उच्चार वैसा आचार होना चाहिये। नहीं तो विचार कुछ है, उच्चारण और ही हैं व आचरण और कुछ ही है। इसलिये विचार, वाणी व वर्तन ऐक सा होना चाहिये।

जो अनिष्ट आचरणवाला कार्य अपने को त्यागने लायक हो, किंवा वैसा कार्य करने की अभिरुचि न हो, वह कार्य जिन विचारों से जन्म पाता हो वैसे विचार अपने को नहीं करना चाहिये, मनशक्ति का सामान्य नियम ही ऐसा है कि ऐक विचार को अमुक टाईम तक मगज़ में रखने से मगज़ के गतिवाहक तंतुओं पर इस को असर हुवे बिना नहीं रहती, आखिर उस विचार के मुताबिक कार्य होने का प्रसंग आजाता है, व कार्य हो जाता है। उदाहर्णार्थ जैसे मनुष्य हल्के विचारों से चोरीयां, खुनी कार्य व व्यभिचार आदि करते हैं, व उच्च विचारों से प्रभुभक्ति, निष्काम सेवा, दया, दान व परोषकारादि कार्य करते है इसी से शक्ति का विकास होता है, दैवी सद्गुण विकसित होते हैं, और फिर वे महान् वीरता के कार्य करते हैं। इसी प्रकार हल्के कार्य करनेवाले प्रारंभ में कम प्रसिद्ध होते हैं फिर वही महान् डाकु, महान् खुनी, व महान् व्यभिचार-शिरोमणी कहलाते हैं। इसका सारांश यही है कि उच्च में उच्च व नीच में नीच कृत्य का मूल कारण उससे सम्बन्ध रखनेवाले विचार ही होते है। ( चालु )

# આત્મજ્ઞાનની ઉપયોગિતા.

**अध्यात्मशास्त्रसंभूतसंतोषसुखशालिनः ।**
**गणयन्ति न राजानं न श्रीदं नापि वासवम् ॥ १ ॥**

અધ્યાત્મ શાસ્ત્રથી ઉત્પન્ન થયેલ સંતોષ સુખથી શોભતા પુરુષો રાજા-મહારાજા, ચક્રવર્તીઓ, કુબેર કે ઈન્દ્રને પણ ગણતા નથી.

અધ્યાત્મથી ઉન્નત આત્માઓ નવ નિધિ, ચૌદ રત્નો, કામકુંભ, કામધેનુ, ચિંતામણિ રત્નો કે ચિત્રાવેલી વિગેરેને પણ ઇચ્છતા નથી.

વળી ગુજરાતી દુહામાં પણ નીચેની કહેવત પ્રસિદ્ધ છે કે—

**સંતોષી સદા સુખી, સદા સુધારસ લીન;**
**ઈન્દ્રાદિક જેની આગળે, દિસે દુઃખીયા દીન. ॥ ૧ ॥**

સંતોષવાન પુરુષો ગમે તેવા સમયમાં સુખમગ્ન દેખાય છે, જે હંમેશાં અમૃતરસનું જ આસ્વાદન કરનારા હોય છે.

આત્મજ્ઞાનથી શૂન્યાત્માઓ ગમે તેટલું ભણ્યા હોય તો પણ તેને શાસ્ત્રમાં ચંદનના ભારને ઉઠાવનાર ગધેડાની સરખા જણાવ્યા છે. જેમ ચન્દન વહન કરનાર ગધેડો ચન્દનની સુગન્ધને મેળવી શકતો નથી, કેવળ ભારને જ વહન કરે છે તેમ અધ્યાત્મ જ્ઞાન વગરના જ્ઞાનીઓ જ્ઞાનનો બોજો જ ઉપાડે છે, જ્ઞાનનું ફળ પામી શકતા નથી. આ સંબંધમાં એક કવિએ કહ્યું છે કે—

**રસ ભાજનમેં રહત દ્રવ્ય નિત, નહિ તસ રસ પહેચાન;**
**તેમ શ્રુતપાઠી પંડિતકો, પ્રવચન કહત અજ્ઞાન. ॥ ૨ ॥**

હંમેશાં ઉત્તમ સ્વાદિષ્ટ રસોના સુંદરમાં સુંદર પાત્રો ભરેલા હોય પણ ભાજનને કોઇ પણ જાતનો સ્વાદ નથી તેમ શાસ્ત્રના ફકરાઓ કંઠસ્થ રાખનારા, ભલા ભલા વાદિયોને હરાવનાર અભિમાની પુરુષોને શાસ્ત્રનો સ્વાદ મળતો નથી, રહસ્ય પ્રાપ્ત થતું નથી.

અધ્યાત્મ જ્ઞાન મેળવનારે પ્રથમ સમતા કેળવવી જોઇએ. અયોગ્ય જીવોને જ્ઞાન ફળતું નથી, અનર્થ ઉપજાવે છે તો તેવું અધ્યાત્મજ્ઞાન તેના લાયક પુરુષોને આપવું કારણ કે સિંહણનું દૂધ સોનાના વાસણમાં જ રહી શકે છે, બીજા પાત્રમાં તે ટકતું નથી. અધ્યાત્મજ્ઞાનની અભિલાષાવાળી વ્યક્તિઓએ પોતાના આત્માને શમ-સંવેગમય તેમજ અભિમાન રહિત બનાવવું.

મુનિ પ્રિયંકરવિજય.

# સ્વીકાર અને સમાલોચના.

(૧) **શ્રી વીતરાગ ભક્તિપ્રકાશ**—કિં. ૦–૫–૦

(૨) **શ્રી જિનેંદ્ર નૂતન સ્તવનમંજૂષા**—૦–૧૦–૦

(૩) **શ્રી મહાપ્રભાવિક નવસ્મરણાદિ સંગ્રહ**—૦–૬–૦

(૪) **કલ્યાણકાદિ સ્તવન સંગ્રહ**—૦–૬–૦

ઉપરની ચાર પુસ્તિકાઓ શ્રી નેમિ–અમૃત–ખાન્તિ–નિરંજન ગ્રંથમાળામાં છપાયેલ છે. મળવાનું સ્થાન, પાંજરાપોળ—અમદાવાદ

(૫) **પળમાં પાપને પેલે પાર**—કિં. ૦–૧–૦ યોજક શ્રી વિજયપ્રેમસૂરિજીના શિષ્ય મુનિશ્રી ભાનુવિજયજી. મળવાનું સ્થાન, વાડીલાલ છોટાલાલ ઘીઆ—વિસનગર.

(૬) **સાધક જીવન**—લેખક. રા. શિષ્ય. પ્રકાશક હરિલાલ લલ્લુભાઈ ઠક્કર–વઢવા.

(૭) **શ્રી કુંભારીયાજી**—લેખક શ્રી મથુરદાસ છગનલાલ શેઠ, વોરાશેરી, ભાવનગર. કિં. ૦–૬–૦ આ પુસ્તિકામાં શ્રી કુંભારીયાજી તીર્થને લગતો ઇતિહાસ અને તે તીર્થના દેરાસરોનું વર્ણન સુંદર રીતે આપવામાં આવેલ છે. યાત્રિકો માટે ઉપયોગી બુક છે.

(૮) **હસ્તિનાપુર**—લેખક જૈનાચાર્ય વિજયેન્દ્રસૂરિ મહારાજ. મળવાનું સ્થાન–યશોધનમંદિર—દિલ્લી.

આ પુસ્તિકામાં હસ્તિનાપુર નગરની સ્થાપના, ઐતિહાસિક મહત્તા અને જૈનધર્મમાં તે નગરનું સ્થાન વિગેરે બાબતનું અવલોકન સુંદર રીતે કરેલ છે.

(૯) **જૈનદર્શન**—પ્રેરક વિદ્યાભૂષણ મુનિરાજશ્રી કલહંસવિજયજી. મૂલ્ય નથી. પ્રકાશક–શેઠ ભોગીલાલ સાકરચંદ, રીચીરોડ–અમદાવાદ.

આ પુસ્તિકા શ્રી હરિભદ્રસૂરિકૃત ષડ્દર્શનસમુચ્ચય ઉપરની શ્રી ગુણરત્નસૂરિની વૃત્તિનો જૈન દર્શનના વિભાગનો અનુવાદ પંડિત બેચરદાસે ઘણા વર્ષ પહેલાં કરેલો તેની બીજી આવૃત્તિ છપાવવામાં આવેલ છે.

(૧૦) **અચલગઢ**—કિં. ૧–૪–૦

(૧૧) **હમ્મીરગઢ**—૦–૬–૦

બંનેના લેખક શાંતમૂર્તિ મુનિરાજશ્રી જયંતવિજયજી છે. બને તીર્થોનો પ્રાચીન ઇતિહાસ સચિત્ર આપેલ છે. પૂરતો પ્રયાસ કરી લેખક મહારાજશ્રીએ ઘણી માહિતિ મેળવી યાત્રાળુ તથા અન્ય ધર્મપ્રેમી ભાઇઓને ઉપયોગી પુસ્તક પ્રસિદ્ધ કરેલ છે. શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા–ભાવનગર તરફથી પ્રકાશિત થયેલું છે.

(૧૨) **રાજા શ્રીપાળ**—લેખક જયભિખ્ખુ. પ્રકાશક શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા–

ભાવનગર. આ પુસ્તકમાં શ્રીપાળ રાજાનો ભાવવાહી શૈલીમાં સંક્ષિપ્તમાં વૃત્તાંત આલેખ્યો છે. પાછળ શ્રી નવપદજીના વ્રતનો વિધિ બતાવ્યો છે.

**(૧૩) શાળોપયોગી સાર્થ સામાયિક સૂત્ર**—સંપાદક શાહ અમૃતલાલ ઓધવજી. પ્રકાશક નેમચંદ પોપટલાલ વહોરા. મહાવીર સોસાયટી અમદાવાદ. વિના મૂલ્ય. મૂળ સામાયિક સૂત્ર, તેના વિસ્તારથી અર્થ, તેને લગતી કથાઓ તથા પાછળના ભાગમાં સજ્ઝાયો, સ્તવનો વિગેરે આપેલ છે.

**(૧૪) જૈનધર્મ**—હિંદીમાં લેખક નાથૂરામ ડોંગરાય જૈન, પ્રકાશક જૈન ધર્મ પ્રકાશક કાર્યાલય. જૈન શિક્ષામંદિર બિજનોર. હિંદીમાં જૈનધર્મના સિદ્ધાંતો ઉપર સ્પષ્ટ અને સુંદર શૈલીમાં વિવેચન કરેલ છે.

**(૧૫) ખોરાક અને યુક્તાહાર**—પ્રકાશક ગુજરાત સંશોધન મંડળ કિ. ૦–૩–૦ હાલની વૈજ્ઞાનિક અને વૈદકીય દષ્ટિએ આપણને મળતા આહારના પદાર્થોનું પ્રથક્કરણ કરી યોગ્ય આહાર માટે કયા કયા કેટલા કેટલા પ્રમાણમાં ખાદ્યપદાર્થો શરીરની પુષ્ટિ અને સ્વાસ્થ્ય માટે ઉપયોગી છે તે બતાવેલ છે.

**(૧૬) स्याद्यन्तरत्नाकर**—રચયિતા શ્રી દક્ષવિજય મુનિ. પ્રકાશક શ્રી જૈનગ્રન્થ પ્રકાશક સભા–અમદાવાદ. કિં. ૧–૪–૦

સંસ્કૃત ભાષાના અભ્યાસીઓને માટે વ્યાકરણની દષ્ટિએ ઉપયોગી ગ્રંથ છે. કર્તાએ ઘણો શ્રમ કરી પ્રત્યયો, લિંગો વિગેરેનો તથા જૂદા જૂદા અકારાંત, પુલ્લિંગ આદિ શબ્દોના થતા રૂપોનો સંગ્રહ એકઠો કર્યો છે. ઊંડાણથી સંસ્કૃત વ્યાકરણ શીખનારને માટે ઉપયોગી છે. પુસ્તક જોવાથી તૈયાર કરવામાં કેટલો શ્રમ લીધો છે અને બુદ્ધિનો ઉપયોગ કર્યો છે, તે જોઇ શકાય છે.

**(૧૭) શ્રી રાજચંદ્ર જીવનયાત્રા** તથા **વિચારરત્નો**—સંપાદક ગોપાળદાસ જીવાભાઇ પટેલ, પ્રકાશક શ્રી જૈન સાહિત્ય પ્રકાશન સમિતિ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. કિં. ૩–૮–૦ બીજી આવૃત્તિ.

આ ગ્રંથમાં શ્રીમદ્ રાજચંદ્રની જીવનયાત્રા, મહાત્મા ગાંધીજીના સંસ્મરણો, શ્રીમદ્‌ની જયંતીઓ વખતે થયેલા વ્યાખ્યાનો અને શ્રીમદ્‌ના વિચારરત્નોનો સમાવેશ કરવામાં આવે છે. તેની ગુંથણી ગોપાળદાસ પટેલ જેવા એક વિશિષ્ટ સંગ્રાહકના હાથથી થયેલ છે. શ્રીમદ્‌ના આત્મચિંતન અને આત્મદર્શનના અનુભવથી પ્રતિબિંબિત થયેલ વિચારરત્નોના ઉપાસકો માટે આ એક અજોડ ગ્રંથ જણાય છે.

**(૧૮) सम्मतितर्कसोपान**—સંકલના કરનાર શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ, પ્રકાશક શ્રી લબ્ધિસૂરીશ્વરજી જૈન ગ્રંથમાળા છાણી કિં. રૂા. ૫)

આ પુસ્તકની સમાલોચના યથાવકાશે હવે પછી કરવામાં આવશે.

## સ્વાર્થનો સાગર.

( કવ્વાલી. )

જગત આ સ્વાર્થનો સાગર, મહામત્સ્યો વસે તેમાં;
ગળે છે એક એક ને એક, વસ્યો છે સ્વાર્થ ત્યાં જેમાં. ૧
શ્રીમાનો ગરીબને ગળતાં, ગરીબ દેખાય રઝળતાં;
નહિં પરમાર્થ કો કરતાં, જગત જીવ સ્વાર્થમાં ફરતાં. ૨
અહા ! તૃષ્ણા અને માયા, જગત જીવો છે મુંઝાયાં;
ફસાયા છે બહુ ડાહ્યા, વિવેક ચૂકીને મરાયા. ૩
સહુને લોભ લાગ્યો છે, કરે છે સ્વાર્થથી લૂંટો;
કરી માયા વધારે માન, વધારી ફાંદનો ફુંટો. ૪
કદી જો સ્વાર્થ નહિં સરતો, સળગતી ક્રોધની જ્વાલા;
કરે પાયમાલ એ જગને, અહા ! સ્વાર્થઅંધની લીલા. ૫
સગાઓ છે બધાં સ્વાર્થી, નહિં દેખાય પરમાર્થી;
કરે જે સ્વાર્થને અળગો, મહાત્મા થાય પરમાર્થી. ૬
જીવનના જંગમાં જીવને, જીવન જીવવાં બહુ ભારી;
જીવે જીવાડી જીવોને, ખરી પરમાર્થની બારી. ૭
અરે રે ! રાગ ને દ્વેષો, નચાવે સ્વાર્થમાં સૌને;
'અમર' પરમાર્થનાં વેષો, ભજવવાં સ્વાર્થ ચૂકીને. ૮

અમરચંદ માવજી શાહ.

## સ્નેહ–સંમેલન.

શ્રી જૈનધર્મ પ્રસારક સભાના પ્રમુખ, શ્રી ભાવનગર પાંજરાપોળના પ્રમુખ, શ્રી દાદાસાહેબ જૈન બોર્ડીંગના સેક્રેટરી, શ્રી ઉજમબાઈ જૈન કન્યાશાળાના ઉપપ્રમુખ શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી B. A. L.L. B. સીત્તેર વર્ષ પૂરા કરી માહ વદિ ૧૪ ના રોજ એકોતેરમા વર્ષમાં પ્રવેશ કરતાં હોઇ સવારના દશ વાગે શ્રી જૈનધર્મ પ્રસારક સભાના હોલમાં શુભેચ્છા દર્શાવવા એક સ્નેહ–સંમેલન યોજવામાં આવ્યું હતું, જે સમયે શહેરના પ્રતિષ્ઠિત ગૃહસ્થો સારા પ્રમાણમાં હાજર રહ્યા હતા. શરૂઆતમાં શુભેચ્છા દર્શાવતાં પ્રાસંગિક વિવેચનો થયા હતા. છેવટે દુગ્ધપાનને ઇન્સાફ આપી, હારતોરા પહેરાવી આનંદજનક વાતાવરણ વચ્ચે સૌ વિખરાયા હતા.

Reg. No. B. 156

## સ્વીકાર.

ગતાંકમાં જાહેર કર્યા બાદ " શ્રી જૈન ધર્મ પ્રકાશ સહાયક ફંડ " માં જે નીચેની રકમ મળી છે, તે સાભાર સ્વીકારવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૪૦૦ાાા~ | અગાઉના. | |
| ૨૫) | શાહ દુલભદાસ જગજીવન | ભાવનગર. |
| ૧૧) | શાહ ચંદુલાલ શામળદાસ | કપડવંજ. |
| ૧૦) | શાહ પુંજાભાઇ દીપચંદ | કચ્છ-ભુજપુર. |
| ૫) | શાહ પાનાચંદ બાલાભાઇ | કરાંચી બંદર. |
| ૫) | રાજમલ ભંડારી | આગર ( માળવા ) |
| ૨) | શાહ હિંમતલાલ ચુનીલાલ | પુનાદરા. |
| ૪૫૮ાાા~ | | |


## શ્રી ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્ર ભાષાંતર

### પર્વ ૧ થી ૧૦ : વિભાગ ૫

આ આખા ગ્રંથમાં દશ પર્વ છે. કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યની આ અપૂર્વ કૃતિ છે. મૂળના શ્લોક ૩૪૦૦૦ છે. તેનું ભાષાંતર જુદા જુદા પાંચ ભાગમાં પ્રસિદ્ધ કરેલ છે.

૧ પ્રથમ ભાગ–પર્વ ૧-૨ શ્રી ઋષભદેવ, અજિતનાથ વગેરેના ચરિત્ર. કિં. રૂા. ૩-૪-૦
૨ બીજો ભાગ–પર્વ ૩-૪-૫-૬ શ્રીસંભવનાથથી મુનિસુવ્રતસ્વામી સુધીનાં ચરિત્રો. કિં. રૂા. ૩-૪-૦
૩ ત્રીજો ભાગ–પર્વ ૭ મું. જૈન રામાયણ ને શ્રી નમિનાથ ચરિત્ર કિં રૂા. ૧-૮-૦
૪ ચોથો ભાગ–પર્વ ૮-૯. શ્રી નેમિનાથ ને પાર્શ્વનાથ વગેરેનાં ચરિત્ર કિં. રૂા. ૩-૦-૦
૫ પાંચમો ભાગ–પર્વ ૧૦ મું. શ્રી મહાવીરસ્વામીનું સવિસ્તર ચરિત્ર કિં. રૂા. ૨-૮-૦
( આ પાંચમો ભાગ હાલ શીલીકમાં નથી. )

---

## અઢાર પાપસ્થાનકની સજ્ઝાય-વિવેચન યુક્ત

અગાઉ અઢાર પાપસ્થાનક અને બાર ભાવનાની સજ્ઝાયોની સંયુક્ત બુક અમારા તરફથી બહાર પાડવામાં આવી હતી તે ખલાસ થઇ જવાથી માત્ર અઢાર પાપસ્થાનકની સજ્ઝાયની અર્થ સાથેની બુક બહાર પાડવામાં આવી છે. સંસારવૃદ્ધિના હેતુભૂત અઢારે પાપસ્થાનકોને સંપૂર્ણ રીતે સમજી તેનાથી કઈ રીતે બચી શકાય તેને લગતું આ બુકમાં સાદી ને સરલ ભાષામાં વિવેચન કરવામાં આવ્યું છે. આ સજ્ઝાયો શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજશ્રી યશોવિજયજીની રચેલી હોવાથી તેમાં ઘણું રહસ્ય સમાવવામાં આવ્યું છે. એક એક સજ્ઝાય એક–એક ગ્રંથની ગરજ સારે તેવી રહસ્યપૂર્ણ છે. સૌ કોઇએ આ બુકનો લાભ લેવા જેવો છે. પૃ. ૧૪૦. કિંમત માત્ર ત્રણ આના.


મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ–ભાવનગર.